# વાયડામિત્ર

વર્ષ : ૯૯ અંક : ૨ ફેબ્રુઆરી – ૨૦૨૧

કિંમત રૂા. ૩૦/– (વાર્ષિક)



**Photography by Vrajesh Parikh**

With Best compliment form

# Shree Vayad Group of Companies

**Shree Vayad Construction Corporation, Mumbai**

**Shree Samarinandan Projects pvt. Ltd., Mumbai**

**Shree Vayad Developers, Nasik**

**Shree Vayad Engineering, Nasik**

**Shivshakti Construction, Amravati**

Bipin Shah
Geeta Shah
Dhaval Shah

Trupti Rajendra Shah
Rahul Shah

Jitendra Shah
Sunita Shah

**Address**

7, Badeshwar Building, Opp. One up Store, Rajawadi,
M.G. Road, Ghatkopar, East Mumbai - 400 077
Ph. 022-21027687, E-Mail : shreesamirinandan@gmail.com

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત-૧૯૭૭ માસ : મહા - માર્ચ, ઈ.સ. ૧૯૨૧

**ફેબ્રુઆરી - ૨૦૨૧, પ્રત-૧૧૨૬, વર્ષ-૯૯, અંક-૨**

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

E-mail : vayva95@gmail.com

www.vayvaset.in

### સંચાલક ટ્રસ્ટી મંડળ


| | | |
|---|---|---|
| શ્રી શશાંકભાઈ આઈ. શાહ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી ધીરેનભાઈ કે. પરીખ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી સુનીલભાઈ આર. શાહ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ એન. પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ એસ. શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી અને સહમંત્રી |
| શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ એસ. શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પી. શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ બી. શાહ | મુંબઈ | ટ્રસ્ટી |


**માનદ્ તંત્રી અને પ્રકાશક : શ્રી શ્રેણીકભાઇ એન. પરીખ**

બી-૭, શ્રી સિધ્ધિ ડુપ્લેક્ષ, એપોલો હોસ્પિટલ સીટી સેન્ટર પાસે,

પરિમલ ગાર્ડન નજીક, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬.

ફોન નં.: ૯૭૨૪૪૪૮૧૪૯ (સાંજે ૭.૦૦ પછી) ઈમેઈલ : snp4758@gmail.com

**માનદ્ વ્યવસ્થાપક : શ્રી નિશીથભાઈ એ. પરીખ**

ડી/૬૦૨, વિષ્ણુધારા ગાર્ડન્સ, ઈલોગીયા હોટલ પાછળ,

ઓફ એસ.જી. હાઈવે, ગોતા-જગતપુર રોડ, અમદાવાદ-૩૮૨૪૭૦

ફોન નં.: ૯૪૨૮૪૬૧૮૨૨ (સાંજે ૯.૦૦ પછી) ઈ-મેઈલ : naparikh7@yahoo.in

### મેમ્બરશીપ લવાજમ

**ભારતમાં:** રૂા.૩૦/-(સામાન્ય), રૂા.૧૦૦૧/-(આજીવન), રૂા.૨૫૦૧/-(પેટ્રન), **વિદેશમાં** : રૂા. ૫૦૦૧/- સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ શ્રી નિશીથભાઈને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે. ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

Shree Vayada Vanik Seva Trust, Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.

Savings A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553

## ૨૦૨૦ અને 'મુખવટો' (Mask)



નિરંતર વહેતાં, ધબકતાં છલકાતા જીવન માં,
અચાનક કુદરતે આપ્યો ગમતો–અણગમતો વિસામો,...
ઉછળતાં, ચેતનવંતા બાળકોની રમત ને આવનજાવન,
મંદિર કે બગીચા ને બાંકડે શોભતા વડીલો,
શું ન ગમ્યા કુદરતને! ....
દર્પણ માં નીરખીને મલકાતો મનુષ્ય,
બીજા ઓળખી ન શકે તેવા વિચાર–વર્તન ને,
ચહેરા પરના અદ્રશ્ય મુખવટાથી છૂપાવતો,
૨૦૨૦ એ આપ્યો વાણી–ગંધ–સુગંધ નો 'મુખવટો' ,
પ્રભુ એ પણ ઓઢ્યો 'મુખવટો',
ને સૌનું નીરખીને કરતો ઈશારો.....
૨૦૨૦ માં કેટલાયનાં આંસુ નો સરવાળો,
ને ભૂખમરાનો ગુણાકાર,
માણસાઈનો ભાગાકાર,
પ્રભુ કરતો સૌના કર્મોનો ટકામાં હિસાબ,
કોકે સેવા માટે પગ ઉપાડ્યા,
તો કોકે ભૂખમરા લાચારીને તોડવા.....
પતંગીયું ફુલ પર શોભતું ને દીપમાં હોમાતું,
એમજ ચિકિત્સા ક્ષેત્રની ફોજ દર્દી ની સેવામાં શોભતી,
ને COVID-19 માં હોમાતી,
બેટા મા – બાપને, પતિ પત્નીને, ભાઈ બહેનને,
એકબીજાને COVID માં દૂર હડસેલતાં,
ત્યારે ચિકિત્સાકર્મીઓ સાથ આપતાં....
મનુષ્યનો વાણી વર્તન વ્યવહાર નો અદ્રશ્ય મુખવટો,
શું બદલી શકશે ૨૦૨૦ નો 'મુખવટો' ?

**– ડૉ. રાકેશ પરીખ, અમદાવાદ.**

## વરદાન



કહું છું તુજને થોડું
પ્રભુ સમજજે તું ઝાઝું
જાણું છું મનમંદિરમાં
છે સ્થાન તારું, કિન્તુ
રાગ દ્વેષનાં આ કીચડમાં
તને કેમ કરીને રાખું.
નામસ્મરણથી તારા
સતત એને ધોતી રહું
તોય રહી જાય છે છાંટા
એવા છાંટા ઉપર તારું
સિંહાસન કેમ કરીને સ્થાપું.
મોહ–માયાના વમળમાં અટવાતા
આ કમજોર મનને કેમ સમજાવું
બનાવવા સુંદર મંદિર તારું
સ્વચ્છ નિર્મળ હૈયું ક્યાંથી લાવું
માંગુ વરદાન પ્રભુ એવી ભક્તિનું
ડૂબી ને જેમાં પાર ઉતરી શકું
અંતરતમ સ્વચ્છ નિર્મળ કરી શકું
મનમંદિરમાં મૂરત તારી સ્થાપી શકું.

**– ભારતી વિભૂતિ કશ્યપ, નાગપુર**
**મો. ૯૯૨૩૪૩૩૬૪૩**

## ગીત : ધોળા આમ થાય છે, કાલ હતા જે કાળા..



પળ પળ વહેતા સમયની સાથે, સમય જતો આ ઉંમર વિત્યે,
વરસો કંઈ અંકાઈ ગયા થઈ, ચહેરા પર આ કરચલીના જાળાં...
માળા ફેરવ ! માળા આજે નાખ ગળામાં,
જરૂર પડે તો રાખ લાકડી, બેસે તો ના વળે પલાંઠી,
યથા સમયે આવ્યા આવા ગાળા !

ધોળા આમ થાય છે, કાલ હતા જે કાળા...

ઘડી–ઘડીએ જીભે આવે કરતાં યાદ કથાને,
આંખોમાં આંસુને જોઈ દુ:ખ થાતું વ્યથાને.
જોઈ ઉભેલો બસમાં જાતા, જ્યારે કોઈ વિવેક સાથે ઊભા થૈને જગ્યા આપે,
અને કાનમાં શરૂ થયાં હો ગરબડ ને ગોટાળા !
પળ પળ વહેતા સમયની સાથે, સમય જતો આ ઉંમર વિત્યે,
વરસો કંઈ અંકાઈ ગયા થઈ, ચહેરા પર આ કરચલીના જાળાં.

ધોળા આમ થાય છે, કાલ હતા જે કાળા...

સાંજ પડે ને બાગબગીચે બેસે સૌની સાથે,
રાત પડે કે નીંદર માટે ચિંતા રહેતી માથે.
શયનકક્ષથી સ્નાનગૃહનું અંતર જ્યારે સફર લાગતું,
એવા દિવસો આવે ત્યારે બંધ કરી આંખોને, એમાં ભાળે તું કુંડાળા !
પળ પળ વહેતા સમયની સાથે, સમય જતો આ ઉંમર વિત્યે,
વરસો કંઈ અંકાઈ ગયા થઈ, ચહેરા પર આ કરચલીનાં જાળાં

ધોળા આમ થાય છે, કાલ હતા જે કાળા...

થયો નજીકથી હવે અનુભવ, ખુદના જેને માન્યા,
"પીપળ પાન ખરંતા" કહેતાં ભાગ્યે છેડા ફાડ્યા.
અવિરત ચાલે આ જ પ્રથા, જ્યાં પેઢી દર પેઢી હો આવો એક અનુભવ,
સૌની સાથે કુદરતના હો ખેલ બધા નિરાળા !
પળ પળ વહેતા સમયની સાથે, સમય જતો આ ઉંમર વિત્યે,

સ્વ. ગોરધનદાસ કૃષ્ણલાલ પરીખ (કડી)ના પરિવારના જય શ્રી કૃષ્ણ.

વરસો કંઈ અંકાઈ ગયા થઈ, ચહેરા પર આ કરચલીના જાળા....

ધોળા આમ થાય છે, કાલ હતા જે કાળા...

પળ પળ વહેતા સમયની સાથે, સમય જતો આ ઉંમર વિત્યે,
વરસો કંઈ અંકાઈ ગયા થઈ, ચહેરા પર આ કરચલીના જાળાં...
માળા ફેરવ ! માળા આજે નાખ ગળામાં, જરૂર પડે તો રાખ લાકડી,
બેસે તો ના વળે પલાંઠી, યથા સમયે આવ્યા આવા ગાળા !

ધોળા આમ થાય છે, કાલ હતા જે કાળા...

**હરીશ શાહ, વડોદરા, મો. ૯૮૭૯૫ ૦૩૩૬૨**
**તંત્રી, Vayconnect**
**ભૂતપૂર્વ તંત્રી, વાયડામિત્ર**

**ચાવી**

જડી ગઈ ભાઈ જડી ગઈ
સુખ કેરી ચાવી જડી ગઈ ભાઈ જડી ગઈ
ઊમંગોના સથવારે ભાર્યાના વિશ્વાસે
ગિરિવર અમે ચડી ગયા ભાઈ ચડી ગયા
હામના હલેસાંથી ભેરૂની સમજણથી
નૌકા ભવસાગર પાર કરી ગયા
શ્વાસોના સથવારે પરસ્પરના સહકારે,
વિષમતાના દલ દલ પાર કરી ગયા ભાઈ કરી ગયા
"પ્રેમ" અકળ છે જીવનની આ ઘટમાળ
સહચરના સથવારે તરી ગયા ભાઈ તરી ગયા

**– પરિમલ એમ. પરીખ (પ્રેમ)**

સ્વ. હેમંતભાઈ એચ. કાશીપારેખ પરિવારના જય શ્રી કૃષ્ણ.

# સરળતાથી સંસ્કૃત શીખો



<u>तृतीयं दिनम्</u>

हरिः ॐ

**कथं सन्ति सर्वे?**

संस्कृतं सरलं अस्ति |

संस्कृतं मधुरं अस्ति |

**कस्य / कस्याः? तस्य / तस्याः, अस्य / अस्याः, / एतस्य / एतस्याः**

मम नाम मेहुलः | મારું નામ મેહુલ છે.

तस्य नाम विवेकः | તેનું નામ વિવેક છે.

तस्याः नाम मयूरी | તેણીનું નામ મયુરી છે.

कस्य नाम मधुरः? કોનું નામ મધુર છે?

अस्य / एतस्य नाम मधुरः | આનું નામ મધુર છે.

कस्याः नाम तृषा? કોનું નામ તૃષા છે?

अस्याः / एतस्याः नाम तृषा | આનું નામ તૃષા છે.

एतत् कस्य युतकम्? આ કોનો ઝભ્ભો છે?

एतत् विपुलस्य युतकम् | આવિપુલનો ઝભ્ભો છે.

तत् कस्याः कङ्कणम्? પેલી કોની બંગડી છે?

तत् सरलायाः / माधुर्याः कङ्कणम् | તે સરલાની/માધુરીની બંગડી છે.

कस्य रवः मधुरः? કોનો અવાજ મધુર છે?

कोकिलस्य रवः मधुरः | (નર)કોયલનો અવાજ મધુર છે.

कस्याः कण्ठः कोकिलसदृशः? કોનો કંઠ કોયલ જેવો છે?

लतायाः कण्ठः कोकिलसदृशः | લતાનો કંઠ કોયલ જેવો છે.

**कुत्र? – अत्र / तत्र / अन्यत्र / सर्वत्र (ક્યાં? અહીં / ત્યાં / બીજે ક્યાંક / બધે)**

जयेशः कुत्र अस्ति? જયેશ ક્યાં છે?
जयेशः अत्र अस्ति | જયેશ અહીં છે.
विभा कुत्र अस्ति? વિભા ક્યાં છે?
विभा तत्र अस्ति | વિભા ત્યાં છે.
मोदी कुत्र अस्ति? મોદી ક્યાં છે?
मोदी अन्यत्र अस्ति | મોદી બીજે ક્યાંક છે?
ईश्वरः कुत्र अस्ति? ઈશ્વર ક્યાં છે?
ईश्वरः सर्वत्र अस्ति | ઈશ્વર બધે જ છે.

**आम् – न (હા - ના )**

भवतः नाम सुरेशः अस्ति? તમારું નામ સુરેશ છે?
न | मम नाम परेशः अस्ति | ના. મારું નામ પરેશ છે.

अद्य एकादशी अस्ति किल? આજે એકાદશી છે?
आम् | अद्य एकादशी अस्ति | હા. આજે એકાદશી છે
एषः भवतः मातुलः अस्ति? આ તમારા મામા છે?
आम् | एषः मम मातुलः अस्ति | હા. આ મારા મામા છે.
सा खलु भवत्याः मित्रं अस्ति? પેલી શું તમારી સખી છે?
न | सा मम अनुजा अस्ति | ના. તેણી મારી નાની બહેન છે.
विद्यालयं आगच्छति? શાળાએ આવશ?
न | अद्य मम स्वास्थ्यं सम्यक् नास्ति | ના. આજે મારું સ્વાસ્થ્ય ઠીક નથી.
सायं मन्दिरं चलामः? સાંજે મંદિરે જઈએ?
आम् | अवश्यम् | હા. ચોક્કસ (જઈએ).

## अभिवादनम् |

नमस्ते ! Namaste

सुप्रभातम् ! Good Morning

शुभसंध्या ! Good Evening

शुभरात्रि ! Good Night

पुनर्मिलामः ! See You

स्वागतम् ! Welcome

धन्यवादः ! Thanks

## सुभाषितम्

**सर्वं परवशं दु:खं सर्वम् आत्मवशं सुखम् ।**
**एतद् विद्यात् समासेन लक्षणं सुख-दु:खयो: ॥**

જે જે બીજાને આધીન છે તે તે દુ:ખનું કારણ છે; જે જે સ્વયંને આધીન છે તે તે સુખનું કારણ છે. આને જ ટૂંકમાં સુખ-દુ:ખનું લક્ષણ સમજવું. (મનુસ્મૃતિ)

*<u>अङ्गानां नामानि – २</u>*

*वक्षः – છાતી*

*स्कन्धः – ખભો*

*हस्तः – હાથ*

*उदरम् – પેટ*

*नाभिः – નાભિ, દૂંટી*

*कूर्परः – કોણી*

*करतलम् – હથેળી*

*अङ्गुष्ठः – અંગુઠો*

*तर्जनी – પહેલી આંગળી*

*मध्यमा – બીજી આંગળી*

*अनामिका – ત્રીજી આંગળી*

*अनुजा – ટચલી આંગળી*

*मणिबन्धः – કાંડું*

*ऊरु – સાથળ*

*जानुः – ઘૂંટણ*

*पादः – પગ*

*गुल्फः – ઘૂંટી*

*चरणम्/चरणः – પગનો પંજો*

***સૌથી અદ્દભુત** हृदयम्*

***हृ = हरति = હરે છે (Sucks), द = ददाति = આપે છે (Pumps), य = याति = લઈ જાય છે (Flows)***

*[હૃદયનાં કાર્યની સૌપ્રથમ સમજ કોણે આપી એ વિષે અનેક મતમતાંતર છે. કોઈ ઈ.સ. ની બીજી સદીમાં થયેલા સૌથી પ્રથમ ગ્રીક ડોક્ટર ગેલેનને આનો યશ આપે છે તો કેટલાક અરબ વિજ્ઞાની ઈબ્ન અલ નફીઝને આનો શોધક કહે છે. વિજ્ઞાનની તવારીખ અનુસાર વિલિયમ હાર્વે નામના અંગ્રેજ વિજ્ઞાનીએ ઈ.સ. ૧૬૨૮માં આની સૌપ્રથમ સમજ આપી. પરંતુ છેક વેદકાળમાં વપરાતા રહેલા આ શબ્દમાં જ તેનું કાર્ય છુપાયેલું છે એવું આપણે જગતને ક્યારે સમજાવી શકીશું?]*

– ડો. મેહુલ શાહ, ભૂજ

સ્વ. પુષ્પાવતીબેન તથા સ્વ. રસિકલાલના જય શ્રી કૃષ્ણ. હ. નરેશ

# Wealth From Waste



## About Solid Waste Management (SWM)

• Solid Waste Management refers to Systematic collection, treatment, and disposal of solid material that is discarded or is no longer useful.

• It is an important aspect of urban area management.

• Improper disposal of SWM can lead to environmental pollution and the outbreak of vector-borne disease

## Waste Generation in India

• More than 1.3 billion people in India generate the highest amount of waste in the world, more than 300 Million Tons per day

• Out of which 77% is disposed of in open dumping grounds,18% is composted and only 5% is recycled.

## Solid Waste Management Rules, 2016

**Segregation at Source:** The rules have mandated the source segregation of waste in order to channelize the waste to wealth by recovery, reuse and recycle. Waste generators would now have to segregate waste into three streams – Biodegradables (Wet), Dry (Plastic, Paper, Metal, Wood, etc.) and Domestic Hazardous waste (diapers, napkins, used safety gear, cleaning agents etc.) before handing it over to the collector. The rules mandate that all RWAs (Residential Welfare Associations) and gated communities with an area of above 5,000 sqm will have to segregate waste at source

ગો.વા. રમેશચંદ્ર કાંતિલાલ પરીખ (કડી)ના જય શ્રી કૃષ્ણ હ. માલતીબેન, દેવીબેન, અરૂણાબેન

into material like plastic, tin, glass, paper and others and hand over recyclable material either to authorized waste-pickers and recyclers or to the urban local body.

**Waste Processing and Treatment:** As per the new rules, it has been advised that the bio-degradable waste should be processed, treated and disposed of through composting or bio-methanation within the premises as far as possible and the residual waste shall be given to the waste collectors or agency as directed by the local authority.

**Promoting Use of Compost:** As per the rules, the Department of Fertilizers, Ministry of Chemicals and Fertilizers should provide market development assistance on city compost and ensure promotion of co marketing of compost with chemical fertilizers in the ratio of 3-4 bags is to 6-7 bags by the fertilizer companies to the extent compost is made available for marketing to the companies. Unfortunately in our country rules are not followed strictly. People are not aware of harmful effects of improper Solid Waste Management.

**Adverse Effect of Improper Solid Waste Management**

- Landfilling sites/Dumping grounds are already filled beyond their capacity.
- Green house gases like carbon dioxide, methane, hydrocarbon etc. are increasing in the atmosphere due to improper management of organic waste.
- This leads to climate change due to increase in temperature of the Earth.

ગોકુલ મેટરલાઈઝર પ્રા. લિ. (અમદાવાદ)ના સૌજન્યથી.

**Solution**

**Adoption of 3 bin segregation system at source**

1. **Green bin**: Wet waste i.e. food/Garden Waste – convert to bio compost by setting up proper infrastructure.
2. **Blue bin**: Recyclable Waste-Plastic, paper, metals, glass etc. segregated and handover to recyclers.
3. **Red bin**: Reject Waste-Sanitary napkins, diapers, nails etc. sent to landfilling site.

Interestingly, good part to know is that by adopting this process only 10-15% of the total waste will be sent to landfilling site.

Hence there is a huge opportunity to **create wealth from waste** by selling organic compost to framers and nurseries. Also we can earn from recyclable dry waste by selling it to recyclers.

We should all understand the importance of creating this asset and wealth from this great asset that we have, thereby conducting awareness trainings and sensitisation programs to understand the importance of waste management wherever possible., to have a major impact on people’s lives and benefit our environment

**Let’s TEAM UP and Make our mother Earth cleaner, greener and healthier planet to live.**

**- Sejal Parikh-Mumbai**
**Founder - Shreeji InnovEdge solutions**
**Contact: 9619591746**
**Email: sejalsaurabh74@gmail.com**

**Note :** Sejal has been selected as one of the top 20 organization by Indian Pollution control Association (IPCA), Congratulations. - Editor

સવિતાબહેન રામલાલ પરીખ (કડી) પરિવારના જય શ્રી કૃષ્ણ.

## માઉન્ટ રાધાનાથ



( નોધઃ ઝી ન્યુઝના DNAના કાર્યક્રમના સંચાલક સુધીર ચૌધરી માઉન્ટ એવરેસ્ટનું નામ બદલી માઉન્ટ સિકદર કરવાની ઝુંબેશ ચલાવી રહ્યા છે. પ્રિયમુખભાઈએ લગભગ આઠ વર્ષ પહેલા વાયડામિત્રમાં એક લેખ દ્વારા માઉન્ટ એવરેસ્ટનું નામ બદલી માઉન્ટ રાધાનાથ કરવાનું સુચન કર્યું હતું. સુધીર ચૌધરીની ઝુંબેશને અનુલક્ષીને તેમનો તે લેખ ફરી પ્રકાશિત કરીએ છીએ. – તંત્રી )

૧૦મી એપ્રિલ, ૧૮૦૨ ના રોજ ભારતના એક જગ્યાએથી બીજી જગ્યાના અંતર, જગ્યાની ન જગ્યાની ઊંડાઈ વગેરે માપવા માટે ભારતમાં Great Trigonometrical Survey - GTSની સ્થાપના કરવામાં આવી. ત્રિકોણમિતિ – Trigonometry ગણિતશાસ્ત્રની એક વિકસિત શાખા છે. ત્રિકોણમિતિની મદદથી લંબાઈ અને ખૂણો માપી બીજી લંબાઈની ગણત્રી કરી શકાય છે.

૧૮૩૦ની સાલમાં જ્યોર્જ એવરેસ્ટ (George Everest) ની નિમણુંક GSTમાં જનરલ સર્વેયર તરીકે કરવામાં આવી. ૧૮૩૧ની સાલમાં જ્યોર્જ એવરેસ્ટને ગણિતશાસ્ત્ર અને ત્રિકોણમિતિમાં નિપુણ હોય તેવા એક યુવાન છોકરાની જરૂર હતી. કલક્તાની હિંદુ કોલેજ (અત્યારે પ્રેસિડન્સી કોલેજ)ના પ્રો. જોન ટાઈલરે જ્યોર્જ એવરેસ્ટને રાધાનાથ સિકદર (સિકંદર નહીં) નું નામ સુચવ્યું. રાધાનાથની ૧૯ વર્ષની વયે GSTમાં કોમ્પ્યુટર તરીકે એટલેકે ગણત્રીબાજ તરીકે નિમણુક કરવામાં આવી. રાધાનાથે GTSની દહેરાદુન પાસે આવેલી સિરોંજ ઓફિસમાં કામ શરુ કર્યું. રાધાનાથે આ ઓફિસના ૨૦ વર્ષનાં કાર્યકાળ દરમ્યાન ત્રિકોણમિતિની અટપટી ગણત્રી કરવાની પધ્ધતિ વિકસાવી. એક વખત રાધાનાથે જ્યોર્જ એવરેસ્ટ પાસે GTS છોડી આસીસ્ટન્ટ કલેકટર તરીકે જવાની ઇચ્છા વ્યક્ત કરી. જ્યોર્જ એવરેસ્ટ રાધાનાથના કામ અને બુધ્ધિચાતુર્યથી એટલા બધા પ્રભાવિત હતા કે તે રાધાનાથને જવા દેવા માંગતા ન હતા. રાધાનાથ GTS છોડી બીજે ન જાય તે માટે જ્યોર્જ એવરેસ્ટે કાયદો બનાવ્યો કે સરકારી એક ખાતામાંથી બીજા ખાતામાં બદલી માંગનારે તેના ઉપરી અધિકારીની મંજુરી લેવી આવશ્યક છે. જ્યોર્જ એવરેસ્ટે રાધાનાથને આવી મંજુરી કદી આપી નહીં.

૧૮૪૩ની સાલમાં જ્યોર્જ એવરેસ્ટ નિવૃત થાય છે. જ્યોર્જ એવરેસ્ટની જગ્યાએ કર્નલ

સ્વ. સમજુબેન જયંતિલાલ ગાંધીના જય શ્રી કૃષ્ણ.

વાઘની નિમણુક થાય છે. ૧૮૫૧ની સાલમાં રાધાનાથની દહેરાદુનથી કલકત્તા ખાતે બઢતી સાથે બદલી થાય છે. રાધાનાથની કલકત્તા ખાતે મુખ્ય ગણત્રીબાજ (Chief Computer) તરીકે નિમણુક થાય છે. કર્નલ વાઘ રાધાનાથને દાર્જલિંગ જઈ હિમાલયના બરફાચ્છાદિત શિખરોની ઉંચાઈ માપવાનું કામ સોંપે છે. તે સમયે હિમાલયનું સૌથી ઉંચું શિખર કાંચનજંગા ગણાતું હતું. હિમાલયનું શિખર–૧૫ ઉંચુ શિખર હતું પણ તેની ઉંચાઈની કશી જાણકારી ન હતી. ૧૮૫૨ની સાલમાં રાધાનાથે શિખર–૧૫ની ઉંચાઈ જુદી જુદી ૬ જગ્યાએથી માપી ગણત્રી કરી. ગણત્રી પ્રમાણે શિખર–૧૫ ની ઉંચાઈ ૨૯,૦૦૦ ફીટ આવી. પણ ૨૯,૦૦૦ નો આંકડો અંદાજીત ન લાગે તે માટે શિખર–૧૫ની ઉંચાઈ ૨૯,૦૦૨ ફીટ જાહેર કરી. (અત્યારની ચોક્કસ ગણત્રી પ્રમાણે શિખર–૧૫ ની ઉંચાઈ ૨૯,૦૩૫ ફીટ છે.) રાધાનાથે શિખર–૧૫ની ગણત્રીનો રિપોર્ટ તૈયાર કરી કર્નલ વાઘને આપ્યો. કર્નલ વાઘે ચકાસણી કર્યા વગર શિખર–૧૫ની ઉંચાઈ જાહેર ન કરી. કર્નલ વાઘે ૧૮૫૭ની સાલમાં શિખર–૧૫ની ઉંચાઈ ૨૯,૦૦૨ ફુટ જાહેર કરી.

૧૫મી ઓગસ્ટ, ૧૮૫૭ ના રોજ લંડનના The Illustrated London News સમાચારપત્રમાં નીચે પ્રમાણે મથાળા સાથે સમાચાર હતા:

'View from Darjeeling of Deodhunga (Mt. Everest), The Highest Mountain in the World. Lately Measured by Colone A. S. Waugh. Height Above the Sea, 29,002 Feet'.

૧૮૬૨ની સાલમાં રાધાનાથ નિવૃત્ત થયા. સામાન્ય રીતે શિરસ્તા પ્રમાણે શિખરનું સ્થાનિક નામ આપવામાં આવે છે. નેપાળની ભાષામાં શિખર–૧૫નું નામ ડીઓધુગા (Deodhuga) છે. કર્નલ વાઘે ૧૮૬૫ની સાલમાં શિરસ્તાને નેવે મુકી, પોતાના ભૂતપૂર્વ અધિકારી જ્યોર્જ એવરેસ્ટને સન્માનિત કરવા અને કોઈ ભારતીયનું નામ આગળ ન આવે તે માટે જ્યોર્જ એવરેસ્ટની સંમતિથી શિખર–૧૫નું નામ માઉન્ટ એવરેસ્ટ જાહેર કરે છે. બ્રિટનની Royal Society of Geography એ પણ શિખર–૧૫ નું માઉન્ટ એવરેસ્ટ નામ પ્રમાણિત કરી જ સાથે જણાવ્યું કે શિખર–૧૫ નું સર્વે કરવાનું કામ જ્યોર્જ એવરેસ્ટના અનુગામી કર્નલ વાઘે કર્યું હતું.

રાધાનાથે પોતે ત્રિકોણમિતિની અટપટી ગણત્રી કરવાની પધ્ધતિ વિકસાવી, શિખર–૧૫ ની ૬ જુદી જુદી માપણી–ગણત્રી કરી ઉંચાઈ ૨૯,૦૦૨ ફીટ નક્કી કરી હતી. જ્યોર્જ એવરેસ્ટનું શિખર–૧૫ની ઉંચાઈની ગણત્રી કરવામાં કોઇ જ યોગદાન હતું નહીં. ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી બાજપાઈએ પણ માઉન્ટ એવરેસ્ટનું નામ બદલી માઉન્ટ રાધાનાથ કરવાની ઇચ્છા વ્યક્ત કરી હતી.

સ્નેહલતાબેન પ્રફુલચંદ્ર ગાંધી (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

**સ્વ. ચીનુભાઈ આર. શાહ (અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.**

૧૮૫૧ની સાલમાં GTS દ્વારા સર્વે કરવા માટે એક ગ્રંથ સર્વે મેન્યુઅલ (Survey Manual) પ્રકાશિત કરવામાં આવ્યો. આ ગ્રંથનું સંપાદન થુલીયર અને સ્મિથે કર્યું હતું. આ સર્વે મેન્યુઅલમાં ઘણા ખરા અધ્યાય (Chapters) રાધાનાથે લખ્યા હતા. પહેલી અને બીજી આવૃત્તિની પ્રસ્તાવનામાં રાધાનાથના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ૧૮૭૨ની સાલમાં રાધાનાથનું મૃત્યુ થયું. ૧૮૭૫ની સાલમાં સર્વે મેન્યુઅલ ની નવી આવૃત્તિ પ્રકાશિત કરવામાં આવી. સર્વે મેન્યુઅલ ની આ ત્રીજી આવૃત્તિની પ્રસ્તાવનામાંથી રાધાનાથાનું નામ જ કાઢી નાંખવામાં આવ્યું હતું. આના માટે ફ્રેન્ડસ ઓફ ઇન્ડિયા નામના અખબારમાં જણાવવામાં આવ્યું કે આ તો મૃતકની મૃત્યુ પછીની લુંટ છે.

બ્રિટીશ સરકાર GTSમાં કામ કરનારને Exploit કરતી. (ઓછા પગારે વધુ કામ લેતી). તેથી રાધાનાથે એક વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો. બ્રિટીશ કોર્ટના ન્યાયાધીશ વન્સીયટ્રેએ તે જમાનામાં રૂા. ૨૦૦નો દંડ કર્યો હતો. તે જમાનાના પ્રમાણમાં રૂ.૨૦૦ નો દંડ ઘણો વધારે કહેવાય.

૧૮૫૧ની સાલમાં રાધાનાથ દહેરાદૂનથી કલકત્તા આવ્યા ત્યારે તેમની નિમણુક હવામાન ખાતાના સુપ્રિટેન્ડન્ટ તરીકે પણ કરવામાં આવી હતી. ઉંચાઈ માપવા બેરોમીટર વાપરવામાં આવે છે. બેરોમીટરમાં પારાનો ઉપયોગ થાય છે. ઉષ્ણતામાન વધવાની સાથે પારાનું કદ વધે અને ઉષ્ણતામાન ઘટવા ની સાથે પારાનું કદ ઘટે. એટલે જે રીડીંગ્સ લેવાય તે જુદા જુદા ઉષ્ણતામાને જુદા જુદા આવે. તેથી રીડીંગ્સની સરખામણી કરવી અશક્ય બની જાય. રાધાનાથે બધા રીડીંગ્સ $0^0$C ઉષ્ણતામાને કેટલા આવે તેની ગણત્રી કરવાનું સુત્ર (Formula) રાધાનાથે શોધી કાઢયું.

જર્મનીના બાવરીયા ખાતે આવેલ German Philosophical Institute એ રાધાનાથને સભ્યપદ આપી સન્માનિત કર્યા હતા. રાધાનાથ નિવૃત્ત બાદ સ્કોટીસ ચર્ચ કોલેજમાં ગણિતશાસ્ત્ર ભણાવતા હતા. રાધાનાથ ઈશ્વરના અસ્તિત્વમાં અને જ્યોતીશશાસ્ત્રમાં માનતા ન હતા.

અટલબિહારી બાજપાઈ વડાપ્રધાન હતા ત્યારે રાધાનાથ સિકદર અને નૈન સિંઘ રાવતની સ્મૃતિમાં ૨૮મી એપ્રિલ, ૨૦૦૪ના રોજ ટપાલ ખાતા તરફથી ટિકીટો બહાર પાડવામાં આવી હતી. તો ચાલો આપણે આઝાદીના ૭૩ વર્ષ બાદ માઉન્ટ એવરેસ્ટનું નામ બદલી માઉન્ટ રાધાનાથ કરીને રાધાનાથને શ્રદ્ધાંજલિ અર્પીએ.

**– પ્રિયમુખભાઈ પી. શાહ, વડોદરા**

**મો. ૯૧૦૬૬ ૨૫૬૪૭**

**ચંદુલાલ મગનલાલ શાહ તથા કંચનગૌરી ચંદુલાલ મગનલાલ શાહની સ્મૃતિમાં સૌને જય શ્રી કૃષ્ણ.**

# કર્ણ – માતા કુંતી ભાગ – ૪



સૂર્યાસ્ત થયા બાદની યુધ્ધ સમાપ્તી પછી મહાસંહારમાં માર્યા ગયેલા યોધ્ધાઓનાં શબોને અગ્નિદાહ આપવા માટે મહાત્મા વિદુરજી... યુયુત્સુ... વિ. રોકાયા હતા. તે દરમ્યાન આવા યોધ્ધાઓનાં કુટુંબીજનો, તેમનાં સ્વજનોને ગંગા તટ પર જલાંજલી અર્પણ કરવા ભેગા થયા ત્યારે તટ પર ચારેકોર રૂદનનાં પોકારો ગુંજતા હતા. અગ્નિદાહની જ્વાળાઓથી આકાશ રત્નરંજીત થઈ ગયું હતું. કુરુક્ષેત્રનાં રણમેદાનમાંથી આવતા ગીધ, સમડી, શિયાળ, કુતરા અને વણચર પ્રાણીઓનાં અવાજોથી વાતાવરણ ડરામણું લાગતું હતું.

એવામાં પાંડુપુત્રો પોતાનાં વીરોને જલાંજલી અર્પણ કરીને પાછા ફરવાની તૈયાર કરતા હતા, તેવામાં કુંતી માતા વિચારવા લાગ્યા કે મારા પુત્ર કર્ણને જીવતે-જીવ તો સમાજમાં સ્થાન ના મળ્યું, પણ હવે તેની તર્પણ વિધી પણ નહીં થાય તો સ્વર્ગમાં પણ સ્થાન નહીં મળે, વિચારી તેમનાં મ્હોમાંથી એક ઝીણી ચીસ નીકળી ગઈ અને રડતા અવાજે પાંડુપુત્રોને અંગરાજ – કર્ણનાં જન્મનું રહસ્ય છત્તું કરીને કહ્યું કે આ અંગરાજ – કર્ણ, બીજો કોઈ નહીં, પણ તમારો જયેષ્ઠ બંધુ હતો, સાંભળી પાંડુપુત્રો હેબતાઈ ગયા.

ધર્મરાજા યુધિષ્ઠિરે કુંતીમાતા સામે જોઈને કહ્યું કે હે માતા !! તમે આ શું વાત કરો છો ? આવી ગુઢ બાબત તમે છુપી રાખી તમે ભારે અનર્થ કર્યો છે, અમે અમારા જ જયેષ્ઠબંધુને મારી નાંખ્યો ?

શ્રીકૃષ્ણ મૌન રહ્યા, પણ કુંતી માતાએ કહ્યું કે આ મહાયુધ્ધ રોકવા, હું જ્યારે કર્ણને એકાંતમાં મળવા ગયેલી, અને એનાં જન્મનું રહસ્ય કહેલું... ત્યારે અંતે તેણે કહેલું કે જે રહસ્યને તમે આજ દિન સુધી ગુપ્ત રાખ્યું. તેને હવે યુધ્ધ પુરું ના થાય ત્યાં સુધી ગુપ્ત જ રાખશો નહીંતર રાજ પ્રાપ્તી માટે લડનારા આ પાંડવો મને જયેષ્ઠ બંધુ માની મારી સામે પ્રહારો નહીં કરે, જેથી દુર્યોધને મારા ઉપર કરેલા ઉપકારોનો બદલો વાળવાનો અવસર મારાથી છુટી જશે. માટે મારે આ રહસ્ય તમારાથી આ યુદ્ધ પુરું ના થયું ત્યાં સુધી છુપું રાખવું પડયું.

મારો પુત્ર કર્ણ એ પણ જાણતો હતો કે અર્જુનને વિજયી બનાવવા ઈન્દ્રદેવ બ્રાહ્મણનાં રૂપમાં આવીને તેનાં ક્વચ – કુંડળ દાનમાં લઈ જવાનાં છે. તેનાં જન્મનું રહસ્ય, મેં જ્યારે તેની સામે ખોલી નાખ્યું, ત્યારે પણ એણે એની મર્યાદાનું પાલન કરીને મને એક પણ અપમાનજનક શબ્દો કહ્યા નહીં અને એણે મને એ પણ વચન આપેલું કે તે બાકીનાં

ચાર–પાંડુપુત્રોને કદી પણ હણશે નહીં.

આ સાંભળી પાંડુપુત્રોને આજદીન સુધી જે કર્ણ પ્રત્યે ભારોભાર તિરસ્કાર હતો, તેની તરફ અતિ આદર અનુભવવા લાગ્યા.

આ સમયે મહારાજ ધ્રુતરાષ્ટ્ર, પોતાનાં કક્ષમાં બેઠા બેઠા રણભુમિનો અહેવાલ મેળવવા, સંજયને પુછે છે કે ગંગા નદીનાં તટ પર શું ચાલે છે ?

જવાબમાં સંજયે કહ્યું કે હે રાજન ! કુંતીમાતા પાંડુપુત્રોને કહે છે કે તેઓએ તેમનાં એક પુત્રનું તર્પણ કરવાનું બાકી છે કહી અંગરાજ કર્ણનાં જન્મનું આખું રહસ્ય ધૃતરાષ્ટ્ર પાસે ખોલી નાંખ્યું, સાંભળી ધ્રુતરાષ્ટ્ર પણ ચોકીં ઉઠયા.

આ સાંભળી ગંગાનદીમાં તટ પર ની ઝાડીઓમાં છુપાયેલો દુર્યોધન પણ અચાનક બહાર નીકળી આવ્યો અને કર્ણની ચિતા પાસે આવીને ત્રાડ પાડીને કહ્યું કે ભ્રાતાશ્રી, કર્ણ મારૂં સર્વસ્વ હતો. તેને અગ્નિદાહ આપવાનો અધિકાર મારો છે. મારા હાથે મારા આવા પરમ મિત્રને અગ્નિદાહ નહીં આપું તો તેની આત્માને શાંતિ નહીં મળે કહી, દુર્યોધન ચોધાર આંસુઓએ કર્ણની મૃત્યુ શૈયા પર રડવા લાગ્યો.

એવામાં ગાંધારી માતા પણ કર્ણની ચીતા પાસે આવી પહોંચ્યા. તેમણે કુંતી માતાનો હાથ પકડીને કહ્યું કે, મને ખબર છે કે એક માતા જીવતે જીવ પોતાનાં પુત્રોને ગુમાવે તેને તેનુ કેટલું દુ:ખ હોય છે અને કહ્યું કે ... ચાલો... તમે સૌ ભાઈઓ ભેગા મળી, તમારા જયેષ્ઠ બાંધવને જલાંજલી આપો, સાંભળી મહારાજ યુધિષ્ઠિરે રાજકુળના પુરોહિતો ઉપરાંત અંગરાજ કર્ણનાં પત્ની, તેનાં પરિવારનાં બીજા સભ્યો, ઉપરાંત કર્ણની પાલ્ય માતા રાધા, ખધીરથ સૌ કોઈને ગંગાના તટ પર બોલાવ્યા એટલે સૌ પ્રથમ દુર્યોધને કર્ણનાં શબને અગ્નિદાહ આપ્યો, અને સૌ કોઈએ કર્ણને જલાંજલી અર્પણ કરીને પોતાની કુટીરમાં પાછા જવાનું શરૂ કર્યું. ત્યારે અંતે... “વૃધ્ધ કર્ણ માતા કુંતી” કર્ણને જલાંજલી અર્પણ કરવા ગંગા નદીનાં તટ પરથી નીચે ઉતર્યા ત્યારે કર્ણ માતા કુંતીના શ્વેત વાળ એમના ચેહરા પર જ્યાં ત્યાં વિખરાયેલા પડયા હતાં. એમના કરચલીઓવાળા ચેહરામાં તેમની આંખો ઉંડી ઉતરી ગઈ હતી. તેમનાં હાથમાં રાખેલો કળશ ધ્રુજતો હતો. એમની આંખોમાં અનરાધાર આંસુઓ વહેતા હતા.

તેમનો દેહ અચાનક ગંગા નદીમાં પડી જશે, જાણી પાંડુપુત્રોએ તેમને પકડી લીધા. તેઓ થોડા સ્વસ્થ થયા. જે નદીનાં જળમાં, એક દિવસ કુમારીકા કુંતીએ પોતાનાં નવજાત શિશુને મંજુષામાં મૂકીને સરીતાનાં જળમાં વહાવી દીધો હતો, એ જ જળમાં આજે તેની તર્પણ વિધિ કરીને... અંતે... તેને વહાવી દીધો. એ વેળા જે આંખોમાંથી શ્રાવણ – ભાદરવો વરસી રહ્યા હતા તે જ આંખોમાંથી આજે પણ એ જ શ્રાવણ ભાદરવો

વરસી રહ્યા હતા.

વૃધ્ધ માતા કુંતી વિચારતા હતા કે મારા કર્ણની વિદાયની બે પરિસ્થિતિઓ કેવી ? એક વાર આજ હાથે મારા બાળ શિશુને સૂર્યની સાખે, જે જળની ધારામાં વિદાય આપી, તે સમયનાં મારા આવા ગુઢ રહસ્યને  જાળવવા માટે જીવનભર એકાંતમાં ખૂણે ખાંચરે ડુસકા ભરતી હતી, આક્રંદ કરતી હતી, હૃદયમાં સંતાડવા માટે લાખ કોશીશો કરતી હતી, તે રહસ્ય હવે રહસ્ય રહ્યું નહીં.

મારા આવા મહાન પરાક્રમી અને તેજસ્વી પુત્રને જલાંજલી અર્પણ કરીને તેને વિદાય આપી... જાણે... પોતાનાં જીવનનો અતિગુપ્ત અને મહા પીડાદાયી અધ્યાય પૂર્ણ થયો.

જે કવચ કુંડળને ધારીને નીરખવા માટે, મારી આંખો સદાય ચોતરફ આતુરતાથી નજર માંડતી હતી, એ મનની તૃષા અને આંખોની આશા સદાય માટે સમાપ્ત થઈ ગઈ. જે કાન મારા કર્ણનાં સમાચાર સાંભળવા સદાય ઉત્સુક રહેતા, જે આંખો તેની તેજસ્વિતા જોવા સદાય આતુર રહેતી હતી. તે કાન.... એ તે આંખમાં તેમાં શૌર્યભરા સૂરો સાંભળવા માટે સદાય વિલીન થઈ ગયાં.

અંતે થાકેલી... હારેલી.... કર્ણમાતા કુંતી પાંડુપુત્રો સાથે કર્ણને જલાંજલી અર્પણ કરીને ગંગા નદીનાં તટ પરથી પોતાની શિબિરમાં જવા નીકળ્યા ત્યારે અંતે વિચારે છે કે આ જીવનમાંથી મે શું મેળવ્યું ? મારે તો આજીવન – પારાવાર દુ:ખ યાતના અને પીડા જ ભોગવવાનાં આવ્યાં. તેના કરતા આ જીવન જ ના મળ્યું હોત તો કેવું સારૂં થાત.

અંતે.. કુંતીમાતાએ ખરા અંત:કરણથી દિવાકર ભગવાન સૂર્યદેવને સ્તુતી કરી છે. તમારા આવો મહાન ધર્નુધર, પ્રતાપી ધર્મનિષ્ઠ અને દાનવીર પુત્રને તમારા ચરણોમાં સ્થાન આપજો, કહીને લથડતા પગે પાંડુપુત્રો સાથે પોતાની શિબિરમાં જતાં જોઈને પાંચે પાંડવો સ્તબ્ધ થઈ ગયા. જિદગીમાં કયારેય તેઓએ પોતાની માતાની આવી સ્થિતી જોઈ ન હતી. માતાનો આવો વેદનાભર્યો ચેહરો જોઈને કહયું કે માતા! અમને ક્ષમા કરો. અમારાથી બહુ મોટો અપરાધ થઈ ગયો છે, કહીને માતા કુંતીની માફી માંગી પણ...માતા કુંતી મૌન રહયા એવામાં મહાભારતનાં અઢારમાં દિવસનું પ્રભાત શરુ થયું ।ને ભગવાન સૂર્યદેવનાં દર્શન થયાં. તે જોઈને સૌ કોઈ લથડતાં પગે શિબીર તરફ પાછા જવા નીકળ્યા ત્યારે જાણે સૂર્યમંડળનાં પ્રખર પ્રકાશમાં કર્ણનું તેજ પણ વિલીન થયું ગયું હોય એમ ભાસતું હતું.

ક્રમશ:

– સનતભાઈ શાહ, અમદાવાદ

મો. ૯૬૨૪૪૫૮૩૫૫

## પ્રભુ પાસે માંગો તો સમજી - વિચારીને માંગો, બોલો તો સમજી - વિચારીને બોલો



આપણે સામાન્ય રીતે માનીએ છીએ કે પ્રભુનાં મુખમાંથી "તથાસ્તુ" શબ્દ અનેકવાર નીકળતો હોય છે. એટલે એવું બની શકે કે આપણે પ્રભુ પાસે કંઈ માંગીએ અને એ જ વખતે જો પ્રભુના મુખમાંથી 'તથાસ્તુ' નિકળી જાય તો આપણી એ માંગણી પૂર્ણ થાય. કોઈક વાર અનુચિત રીતે કરેલી માંગણી પણ સંતોષાતી હોય છે. આવી માંગણી ક્યારેક આપણને કે અન્યને નુકસાનકર્તા પણ થતી હોય છે. અત્રે આપની સમક્ષ બે સત્ય ઘટનાઓ ઉપર આધારિત બે પ્રસંગો રજૂ કરું છું. બંને પ્રસંગોના પાત્રોના નામ કાલ્પનિક છે.

### પ્રસંગ - ૧

થોડા વર્ષો પહેલાની વાત છે. મારી બહેનપણી કેતકી અને એનો ભાઈ કેતન અમારી નજીકની સોસાયટીના એક બંગલામાં રહેતા હતાં. એમની માતા નાની ઉંમરમાં સ્વર્ગવાસી થઈ હતી. એમના પિતા કુંદનલાલ એક બેંકમાં મેનેજર હતા. પોતાના સંતાનોને કોઈ દુ:ખ ન પડે એ માટે એમણે બીજા લગ્ન કર્યા ન હતા અને બંને સંતાનોને ખૂબ કાળજીથી ઉછેર્યા હતા. પાંચેક વર્ષ બાદ કેતકી અને કેતન મોટા થવાની સાથે સમજદાર પણ થયા હતા. કેતકીએ રસોડાનું અને ઘરકામ સંભાળી લીધું હતું. સાથે - સાથે એ ભણતી પણ હતી. કેતકી બી.કોમ. થઈ અને કેતન એમ.બી.એ. થઈને એક સારી કંપનીમાં જોબ કરવા લાગ્યો. બીજા પાંચેક વર્ષ બાદ કુંદનલાલ રિટાયર્ડ થયાં. હવે તેઓ અવારનવાર સંતાનોની સાથે ખુશી મજાની વાતચીત કરી તેમની હિંમત વધારતા હતા. હવે કુંદનલાલ બંને સંતાનોના લગ્ન માટે પ્રયત્ન કરતા હતાં. પરંતુ કેતકી અને કેતન બંનેમાંથી કોઈ લગ્ન કરવા તૈયાર ન હતાં. ધીમે ધીમે કુંદનલાલની તબિયત કથળતા લાગી. તેમણે બંને સંતાનોને બોલાવી કહ્યું કે - "હવે મારી તબિયત બરાબર રહેતી ન હોવાથી મારી મિલકતનું હું વીલ કરવા ઈચ્છું છું, જેથી જાણે-અજાણે પણ તમારા બે વચ્ચે કોઈ ઝઘડો ના થાય." બંને સંતાનોએ કહ્યું કે - "પપ્પા એવું નહીં કરો તો પણ ચાલશે. કારણ કે અમારી વચ્ચે એવો કોઈ ઝઘડો થવાની સંભાવના જ નથી." ત્યારે કુંદનલાલે કહ્યું - "બેટા જે લખાણમાં હોય એ વંચાય, માટે વીલ કરવું સારું છે. પરંતુ એક વાત હું તમને

બંનેને કહું છું કે તમારા બંનેમાંથી કોઈપણ એક અથવા બંને જો લગ્ન કરો અને તે "પાત્ર" આમણા કરતા ઉતરતી કક્ષાનું હોય તો એની સાથે લગ્ન કરનારને મારી મિલકતમાંથી કોઈ ભાગ નહીં મળે. આ હું સ્પષ્ટ મારા વીલમાં લખાવી દઈશ."

બે વર્ષ બાદ કુંદનલાલ સ્વર્ગવાસી થયા અને હવે કેતકી અને કેતન બંને એકલા પડી ગયા. એમના બંગલાની સામે એક ફ્લેટમાં એક યુવક રહેતો હતો. કેતકી ઘણી વાર એને જોતી. તે હસમુખો યુવક તેને ગમી ગયો. એનું નામ કેયુર હતું. એક દિવસ કેતકીએ સામે ચાલીને કેયુરને કહ્યું કે "હું તમને પ્રેમ કરું છું અને તમારી સાથે લગ્ન કરવા ઈચ્છું છું." કેયુર આ સાંભળી હતપ્રભ થઈ ગયો અને માત્ર એટલું જ બોલી શક્યો કે "મૈં તો તમને કોઈ દીવસ જોયા નથી, તમે મને કેવી રીતે ઓળખો ?" કેતકી બોલી "હું તમારા ફ્લેટની સામેના બંગલામાં જ રહું છું. હું તમને અવારનવાર જોતી હોવું છું. મને તમારી સાથે પ્રથમ દૃષ્ટિએ જ પ્રેમ થઈ ગયો અને એટલે જ હું તમારી સાથે લગ્ન કરવા ઈચ્છું છું." થોડી હિંમત ભેગી કરી કેયુર બોલ્યો "તમે તમારો આ વિચાર માંડી વાળો તો સારુ કારણ કે હું અનૂસુધીત જાતિ માંથી આવુ છું અને તમે તો વણિક જાતિના હશો. એટલે તમારા કરતા હું ઉતરતો ગણાવું. માટે જ તમે તમારા સમકક્ષ કોઈ યોગ્ય યુવક જોડે લગ્ન કરી લો એ બંને માટે સારું. હું સરકારી ઓફિસમાં એક મામુલી કલાર્ક તરીકે ફરજ  બજાવું છું. મારી આવક પણ બહુ ન કહેવાય. વળી મારી માતા એકલી જ ગામડે રહે છે તેથી તેનું ધ્યાન પણ મારે રાખવાનું હોય છે." કેતકી મક્કમ અવાજે બોલી "એ બધા સાથે, મારે કોઈ લેવા – દેવા નથી. કારણ કે 'પ્રેમ ન જુવે જાત-કજાત' માટે તમે મારી વાતને અનુમોદન આપો, અને મારી સાથે લગ્ન કરવા તૈયાર થઈ જાવ. હું અને મારો ભાઈ બંને એકલા જ રહીએ છીએ. મારા ભાઈ સાથે પણ તમારી મુલાકાત કરાવી દઈશ."

કેતકીએ સાંજે પોતાના ભાઈ કેતનને કેયુર વિશેની બધી વાત કરી અને પોતે કેયુર સાથે લગ્ન કરવા ઈચ્છે છે એમ જણાવ્યું. એના ભાઈએ કેતકીને પોતાના પિતાએ કરેલા વિલની વાત કરી અને કહ્યું કે "જો તું આ લગ્ન કરીશ તો પિતાની ઈચ્છા મુજબ એમની મિલકતમાંથી તને કંઈ પણ ભાગ નહીં મળે."

કેતકીએ કહ્યું કે 'એ વાત મને મંજુર છે અને તારે પણ જે વ્યવહાર કરવો હોય એ કરજે. હું તને એમાં કોઈ ફોર્સ નહીં કરું."

થોડા સમય બાદ કેતકી અને કેયુરના લગ્ન થઈ ગયા. કેતકી પોતાના ફ્લેટની

બાલ્કનીમાં ઉભી રહી પોતાના ભાઈનું ઘર જોતી રહેતી હતી. ઘણી વાર એ વિચારતી કે ભાઈના બંગલા જેવો બંગલો મને પણ મળી જાય તો કેવું સારું ! હવે તો એ પ્રભુને વિનંતી કરતી કે હે પ્રભુ મારા ભાઈના બંગલા જેવો બંગલો મને પણ મળે એવી કૃપા કરજો. કેયુરની કોઈ ક્ષમતા હતી નહીં કે એવો બંગલો ખરીદી શકે. એક દિવસ કેતકી બાલ્કનીમાં ઊભી પોતાના ભાઈનો બંગલો જોતી હતી અને અચાનક એનાથી પ્રભુ પાસે માંગણી કરી દેવાઈ કે "હે પ્રભુ ! મારા ભાઈનો બંગલો કે અન્ય કોઈ એવો જ બંગલો મને કોઈ પણ ભોગે મળી જાય એવી કૃપા મારી ઉપર અવશ્ય કરો."

આ પછીના ત્રણ દિવસ બાદ એક અકસ્માતમાં કેતકીના ભાઈ કેતનનું મૃત્યુ થયું. કેતકીને વ્હાલસોયો ભાઈ ગયો અનું ખૂબ દુઃખ થયું. ભાઈના ઘરમાંથી એક કાગળ કેતકીના હાથમાં આવ્યો, જેમાં લખ્યું હતું કે "મારી હયાતી બાદ આ બંગલો તથા બધી જ મિલકત કેતકીને મળી જાય." કેતકીની સમજમાં ન હોતું આવતું કે પોતે ખુશ થવું કે દુઃખી. એક બાજુ પોતાનો વ્હાલસોયો ભાઈ ગુમાવ્યો તેનું દુઃખ હતું તો બીજી બાજુ પોતાની ઈચ્છા મુજબનો બંગલો મળી જવાની ખુશી હતી. જો કે કેતકી સમજી શકતી ન હતી કે આવું અણધાર્યું કેમ બની ગયું.

એક દિવસ કેતકી મારા પિતા પાસે આવી અને કહ્યું "અંકલ આપ તો બધુ જાણો છો તો મને એ સમજવો કે આવુ અણધાર્યું કેમ બની ગયું ?" મારા પિતાએ કહ્યું "બેટા તે પ્રભુ પાસે આવી કોઈ માંગણી કરેલી ?" ત્યારે કેતકીથી બોલાઈ ગયું "હા અંકલ, મારો ભાઈ ગુજરી ગયો એના ત્રણેક દિવસ પહેલા જ મેં પ્રભુ પાસે માંગણી કરી હતી કે 'હે પ્રભુ કોઈપણ ભોગે મને મારા ભાઈના જેવો બંગલો કે અન્ય કોઈ એવો બંગલો મળી જાય એવી કૃપા કરો.' ખબર નહીં એ વખતે એવા શબ્દો મારા મુખમાંથી કેવી રીતે નીકળી ગયા ?" મારા પિતાએ કહ્યું "કોઈ પણ ભોગે એ શબ્દો તારા મુખમાંથી નીકળી પડયા એ વખતે કદાચ પ્રભુના મુખમાંથી પણ 'તથાસ્તુ' નીકળી ગયું હશે અને તારો ભાઈ મૃત્યુ પામ્યો અને એનો જ બંગલો તને મળી ગયો. માટે જ પ્રભુ પાસે માંગણી કરતી વખતે પણ ખૂબ જ સમજી વિચારીને માંગવું અને કોઈનું પણ અકલ્યાણ ન થાય એવી રીતે માંગવું."

**પ્રસંગ – ૨**

થોડા વર્ષો પહેલાની વાત છે. સોહનલાલ એક ખાનગી કંપનીમાં જોબ કરતા હતા. તેઓ મિલનસાર અને થોડા મશ્કરા સ્વભાવનાં હતાં. તેમનું મિત્રવર્તુળ ખાસ્સું મોટું હતું. તેઓ બધા અવારનવાર ભેગા થઈ અવનવી વાતો અને થોડી – ઘણી મશ્કરી પણ કરતા. એક દિવસ સવારે ચા પીતી વખતે થોડા મિત્રો વાતચીત કરી રહ્યા હતા એક મિત્રએ

સોહનલાલની મશ્કરી કરી ત્યારે સોહનલાલ મશ્કરીના મુડમાં થોડો ગુસ્સો કરતા બોલ્યા “જા બધાને કહી દે જે કે કાલે સવારે મારા બેસણામાં આવે.” જોગાનુજોગ એ જ દિવસે રીસેશ બાદ સોહનલાલ એક અધિકારી જોડે વડોદરા જવા નીકળ્યા. રસ્તામાં એમને અકસ્માત થયો. સોહનલાલ ગંભીર રીતે ઘવાયા અને મૃત્યુ પામ્યા. જો કે અધિકારી બચી ગયા હતા. બીજે દિવસે સવારે સોહનલાલની સ્મશાન યાત્રા નીકળી. કંપનીના લગભગ બધા જ કર્મચારીઓ તેમાં જોડાયા. કહેવાનું તાત્પર્ય એ છે કે સોહનલાલ ગુસ્સાથી બોલી ગયા હતા કે “જા બધાને કહી દેજે કે કાલે સવારે મારા બેસણામાં આવે.’ એમના શબ્દો પછી કદાચ ભગવાનના મુખમાંથી ‘તથાસ્તુ’ નીકળી ગયું હશે અને સોહનલાલ ખુદ પોતાના શબ્દોને સાચા પાડતા મૃત્યુ પામ્યા. આમ બોલતી વખતે પણ ખૂબ વિચારીને બોલવું જોઈએ નહિતર પોતાને અથવા અન્યને નુકશાન થઈ શકે છે.

આમ પણ આપણે જાણીએ છીએ કે “બીજાનું ભલુ ઈચ્છીએ તો આપણું પણ ભલુ થાય” માટે જ હંમેશા સકારાત્મક વિચારવું અને બોલવું. જેથી કરીને આપણા પોતાના અથવા અન્યના અકલ્યાણથી બચી શકાય.

**– ઝલક ડી. તલાટી, અમદાવાદ**

**શ્રી અમદાવાદ સમસ્ત વાયડા વણિક જ્ઞાતિ**
**ભાદરવા સુદ ૬ ને મહા વદ ૫ ચેરીટેબલ ટ્રસ્ટ**

સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનો જોગ

ઉપર્યુક્ત ટ્રસ્ટ તથા સ્વ. શ્રી ઈન્દુમતીબહેન રમણલાલ શાહ અને સ્વ. શ્રી ચીનુભાઈ આર. શાહ તરફથી મળેલ કાયમી ફંડમાંથી તથા સ્વ. શ્રી જેઠાલાલ અચરતલાલ પરીખ અને સ્વ. શ્રી વિદ્યાગૌરી જેઠાલાલ પરીખના સ્મરણાર્થે હસ્તે શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ તરફથી મળેલ કાયમી ફંડમાંથી તથા શ્રી વિનુભાઈ બાલુભાઈ પરીખ અને જયદેવીબહેન વિનુભાઈ પરીખ તરફથી મળેલ કાયમી ફંડમાંથી તથા સ્વ. જયંતીભાઈ બાલુભાઈ પરીખ અને સ્વ. મેનાબહેન જયંતીભાઈ પરીખના સ્મરણાર્થે તેમના પુત્ર શ્રી વિપુલભાઈ તરફથી મળેલ કાયમી ફંડમાંથી દર વર્ષની જેમ આ વર્ષએ પણ તા. ૩–૩–૨૦૨૧ ને બુધવારે, મહા વદ ૫ નો હવન થશે. પ્રવર્તમાન પરિસ્થીતીને ધ્યાનમાં લેતા મહાપ્રસાદનું વિતરણ થશે નહી જેની સૌ જ્ઞાતિજનોએ નોંધ લેવી.

**– રમેન્દ્રભાઈ જે. પરીખ, પ્રમુખ**

# "સત્તા"



ભારતીય જનતા પક્ષ ભારત વર્ષની દિલ્હીની રાજગાદી પર સત્તારૂઢ થયો છે. સત્તા પક્ષનાં મુખ્ય વડાપ્રધાનપદ પર શ્રી નરેન્દ્રભાઈ મોદી દિલ્હીની રાજગાદી શોભાવી રહ્યા છે. ગમે તેવા સંજોગો ઉભા થાય પણ નરેન્દ્રભાઈ મોદી પોતાની કાર્યદક્ષતા તથા કાર્યનિષ્ઠા દ્વારા ભારત માતાની સેવા બજાવી રહ્યા છે. રાતદિવસની પરવા કર્યા વગર ફરજ બજાવવી સહજ નથી. તેમને પ્રસંશા તથા આલોચનાનો સ્વીકાર કરવો જ રહ્યો. આખા દેશને ચલાવવો એ હસવાના ખેલ નથી. વડાપ્રધાનપદ પર પાંચ વર્ષ પૂરા કર્યા પછી બીજી ટર્મમાં પણ સત્તા પર ચાલુ છે.

સત્તા પચાવવી પણ સહેલી નથી. સત્તાનો મોહ કોને નથી ? સાધુ સંન્યાસી જેનું કર્તવ્ય લોકોને જ્ઞાન-પ્રદાન કરવાનું છે તે લોકો મઠ ખોલીને બેસી ગયા છે. ગાદી છોડવી નથી. શરીર સાથ ન આપતું હોય તો પણ જીવનમાં મારુ વર્ચસ્વ નહીં રહે. મને કોઈ પૂછશે નહીં-એવા આંતરિક ડરને લીધે સત્તા પર આરૂઢ રહે છે. બીજાને તક આપવામાં સમજતા જ નથી. પ્રભુ ભજન કરવું અને બીજાને તે માર્ગે વાળવા એ જ સાધુ સંન્યાસીઓનું પ્રધાન કર્તવ્ય છે. મારું અંગત મંતવ્ય છે કે કોઈ પણ સંપ્રદાયનાં અધિપતિઓએ મોડામાં મોડું ૬૦ વર્ષ પછી પોતાનાં વર્ચસ્વને તિલાંજલી આપી નવાઓને તક આપવી જોઈએ. પોતાની મહત્તા ઘટી જશે તેનો ભય રાખવો નહીં. પ્રભુ કિર્તનમાં પોતાની જાતને પૂરી રીતે ખૂપી દેવી જોઈએ. સાથે કશું જ આવતું નથી એ વાત સૌએ હર પળે યાદ રાખવા જેવી છે.

મનુષ્યને સત્તાનું મમત્વ હોય તે સ્વાભાવિક છે પણ આશ્ચર્યની વાત તો એ છે દેવરાજ ઈન્દ્રને સૌથી વધારે પોતાનું સિંહાસન વ્હાલું છે. કોઈ નાનું બાળક, ઋષિ, રાક્ષસ, દાનવ, દૈત્ય, મહાત્માઓ તપનું આવાહન કરે ત્યારથી જ ઈન્દ્રરાજા ચિંતાતુર બની જાય છે. કારણ કે તપના બળે પોતાનું સિંહાસન છીનવાઈ ન જાય. ધ્રુવજી જેવા નાના બાળકનાં તપથી પણ ઈન્દ્ર ફફડી ગયા હતાં. રાજાઓને પણ પોતાની સત્તા ચાલી જાય તે ગમતું ન હતું તે માટે રાજાઓ સતેજ રહેતા હતાં. આજે પણ રાજકારણમાં જોઈએ છીએ કે ૮૦ વર્ષથી ઉપરનાં વ્યક્તિઓને રાજકારણમાં સત્તાનો મોહ છે. ઋષિ મુનિયોએ

હરીશ રામજી વીરચંદ અને પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

શાસ્ત્રોની રચના કરી ચાર આશ્રમો નક્કી કર્યા હતાં તે પ્રમાણે કશું ચાલી રહ્યું નથી. મોંઘવારીએ માઝા મૂકી છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર પોતાનું કર્તવ્ય–ધર્મ ભૂલી ગયા છે. જાણે અજાણે એકબીજાનાં કાર્યક્ષેત્રમાં હસ્તક્ષેપ કરી રહ્યા છે. ધંધા દુકાનોવાળાને ઘરમાં ચેન પડશે જ નહીં. તેથી મરતા સુધી કામ કરતા રહેવાની ખેવના રાખી રહ્યા છે.

ઘરમાં જોઈએ તો સાસુને પોતાનું વર્ચસ્વ છોડવું નથી. તેથી આવનાર નવી વહુને રાહ જોવી પડે છે. છેલ્લે થાકી હારીને વહુને સત્તા સોંપવી જ પડે છે તો સમજી વિચારીને પહેલેથી જ ન આપી શકાય.

સંસ્થાના વડાઓ લાંબી ઉંમર સુધી સત્તા છોડતા નથી તેથી તેમના અનુગામી પણ મોટી ઉંમરે ગાદી પર આવે છે. જેથી શરીર કામ કરતું ન હોય અને કાર્યક્ષમતા ઘટી ગઈ હોય છે. જેથી કાર્યમાં અવરોધ ઉભો થઈ શકે છે. શ્રી હરિની કૃપાથી જ કાર્ય સફળ થઈ સકે છે.

સત્તાનાં મદમાં નામ તેનો નાશ એ અગત્યની બાબત પણ યાદ રહેતી નથી. ન કરવાના કામ કરી બેસાય છે અને જે કરવાના કામ હોય તેની સામે દુર્લક્ષ લેવાય છે. વ્યવહારમાં બોલાય છે કે ચપટી ધુળનો પણ ખપ પડે છે પણ સત્તાના મદમાં આપણને લાગે છે કે સત્તા કાયમ મારી પાસે રહેવાની છે અને મને કોઈની જરૂર નહીં પડે. આવતીકાલનો કોઈ ભરોસો નથી. કલાક પછી કંઈ બીના બનશે કોણ જાણી શક્યું છે? સત્તાનો નશો ભલભલાને અવળે માર્ગે વાળી દે છે.

કોઈને એવું લાગે કે આ ભાઈ પાસે સત્તા નથી. પૈસાનો અભાવ છે તેથી આવું બોલી કે લખી શકે પણ આ એક સામાન્ય વાત છે. જે બધાને લાગુ પડે છે. પહેલાંના વર્ષોમાં પણ એકબીજાથી ચડિયાતા બતાવવાની હોડ લાગતી હતી. ઋષિ મુનિઓમાં પણ નાના મોટાની ભાવના હતી પણ એકબીજાને માન પણ આપતાં હતાં.

પ્રશ્ન એ થાય કે સત્તામાં ન આવવું જોઈએ ? જેનામાં આવડત છે, માન અપમાન સહન કરવાની શક્તિ છે, હાથમાં પૂરતા પૈસા છે, સેવાની ભાવના છે. તે લોકોને સત્તા પર આવવું જોઈએ. ભણતર પણ જરૂરી છે. જ્ઞાન વગર સત્તા પર હાસ્યાસ્પદ પરિસ્થિતિ પેદા થઈ શકે છે.

સંતો મહાત્માઓને ધન સત્તાનો લોભ ન હોવો જોઈએ. સત્તા આગળ શાણપણ

સ્વ. હરીદાસ ચત્રભૂજ શાહ (ભૂજ) ના જય શ્રી કૃષ્ણ.

નકામું એ ખરેખર સત્ય છે જેણે તેનો અમલ કર્યો નથી તે પસ્તાયો છે. ભારત પર કેટલાક જુદા જુદા લોકોએ રાજ્ય કર્યું. જુલ્મ સીતમની ઝંડી લહેરાવી પણ અંતે પૂ. મહાત્મા ગાંધીનાં વડપણ હેઠળ ભારતને આઝાદી મળી જેમાં અનેક શહીદોનાં બલિદાન ભળ્યાં છે. માર સહન કરવો પડયો છે. કારાવાસની હવા ખાવી પડી છે.

સત્તાનો મદ, નશો, કેફ, અભિમાન, અહંકાર સારા કરતાં ખરાબ કાર્ય કરવા પાછળ અગત્યનો ભાગ ભજવે છે. રાવણે છેલ્લે લક્ષ્મણજીને કહ્યું કે મારે સ્વર્ગ સુધીની સીડી બનાવવી હતી પણ જે કામ કરવાનું તે ન કર્યુ અને આવુ કાર્ય કરી બેઠો. સીતાજીનાં હરણ પછી રાવણે સીતામાતાને અશોકવાટીકામાં રાખ્યા એ ઘણું ઉચિત કહેવાય. આ કાર્ય માનદાયક છે. શિવજીનો પરમભક્ત જ્યોતિશાસ્ત્રનો પંડિત હોવા છતાં અહંકારે રાવણનું પતન કર્યું સત્તા છિન્નભિન્ન થઈ ગઈ.

માણસનું અસ્તિત્વ કાયમી નથી તો સત્તા કાયમી ક્યાંથી હોઈ શકે. અવતારી પુરુષોએ પણ પોતાનું અવતાર કાર્ય પુરું થતાં મૃત્યુલોકમાંથી વિદાય લીધી છે. એક દિવસ ધૂળ ભેગા થવાનું છે તે કાળામાથાનાં માનવીએ કાયમ માટે યાદ રાખવાનું છે. હિન્દુ ધર્મમાં અનેક દેવીદેવતાઓ છે અને સંપ્રદાયો, વાડાઓએ આપણા બધાની મતિઓનું ખંડન કરી પોતપોતાનું મહત્વ બતાવી આકર્ષવા પ્રયત્ન કર્યો છે. પાપ-પુણ્ય પ્રભુ પ્રાપ્તિ વગેરેને આગળ કરી આપણને પોતાની તરફ આકર્ષવા ખુલ્લા દિલે પ્રયત્ન કર્યો છે અને આપણે ગાડરીયા પ્રવાહ પ્રમાણે તેમાં સંમલિત થતા ગયા છે. દેખાદેખી પણ કામ કરી ગઈ છે. આજની તારીખે એક પણ સંત, મહાત્મા નથી જે આપણને પોતાના તપોબળે કોરાના જેવી મહામારીથી ઉગારી શકે. ભગવાનને પ્રાર્થના કરવી અલગ વાત છે પણ આ રોગમાંથી મુક્તિ અપાવવા કોઈ સાધુ સંત કે ધાર્મિક સંસ્થાઓનાં વડાઓ તાકાત ધરાવતા નથી એ વાત માનવી જ રહી. શ્રી હરિની કૃપા થશે ત્યારે જ કોરોના જેવી મહામારીની સત્તાની જકડમાંથી આપણે મુક્ત થઈશું અને પહેલાંના જેવી પરિસ્થિતિનું નિર્માણ થશે.

શ્રી ઠાકોરજીને પ્રાર્થના કરીએ કે આવા પ્રકારની નવતર મહામારીમાંથી અમને જલ્દી મુક્તિ અપાવજો અને ફરી પાછી આવી મહામારીનાં શિકાર ન બનીએ એ જ આપશ્રીનાં શ્રી ચરણોમાં લૌકીક કામના!

**- નવિનચંદ્ર દશરથલાલ ગાંધી**
**ભરૂચ (હાલ વડોદરા) મો. : ૯૫૮૬૮ ૧૭૪૬૦**

વેલજી ભીમજી પરિવાર (કચ્છ) - મુંબઈના જય શ્રી કૃષ્ણ.

અશ્વિનભાઈ જે. મરચન્ટ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

## હકારાત્મક અભિગમના સ્વાસ્થ્યવર્ધક ફાયદાઓ – ટૂંકી ચાવીઓ



સંશોધકોએ હકારાત્મક અભિગમ અને આશાવાદની આપણા સ્વાસ્થ્ય પર પડતી અસરોનો ઘણો અભ્યાસ કર્યો છે. હકારાત્મક અભિગમને કારણે થતાં સ્વાસ્થ્યવર્ધક ફાયદામાં નીચેની બાબતો સામેલ છએ.

આયુષ્ય વૃદ્ધિ, તાણમુક્ત જીવન, તણાવમાં ઘટાડો, વધારે સારું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય, હૃદયના ઉત્તમ સ્વાસ્થ્ય માટે તથા હૃદય સંબંધી રોગ દ્વારા થતા મૃત્યુદર અટકાવવા, મુશ્કેલી તથા તણાવયુક્ત સમયમાંથી બહાર આવવા માટેની તરકીબો. હકારાત્મક અભિગમ તથા આશાવાદી લોકો સ્વસ્થ જીવનશૈલી અપનાવતા જણાય છે. નિયમિત શારીરિક કસરત તથા પૌષ્ટિક આહારનું પાલન કરતા જણાય છે. ધૂમ્રપાન કે મદ્યપાનથી દૂર રહેતા જણાય છે. દરેક વાતમાં પોઝિટિવ એટિટ્યૂડ રાખવાથી માણસની ઉંમર ૧૫ ટકા સુધી વધે છે. આપણે અવારનવાર વડીલોને એવું કહેતા સાંભળ્યા છે કે–બધું બરાબર થઈ જશે. ત્યારે આ પોઝિટિવ એટિટયૂડને હવે વિજ્ઞાને પણ સમર્થન આપ્યું છે. એવું કહેવામાં આવે છે કે પોઝિટિવિટી એટલે કે આશાવાદી દ્રષ્ટિકોણના કારણે ૫૦ ટકા સમસ્યાઓ એમ જ દૂર થઈ જાય છે. ત્યારે એક નવા સંશોધનમાં સામે આવ્યું છે કે દરેક વાતમાં પોઝિટિવ એટિટયૂડ રાખવાથી તે વ્યક્તિના આયુષ્યમાં પણ વધારો થાય છે.

અમેરિકાની બોસ્ટન યુનિવર્સિટી સ્કૂલ ઓફ મેડિસિનના –વૈજ્ઞાનિકોનું માનીએ તો પોઝિટિવ એટિટયૂડ સાથે જીવતા લોકો ૮૫ વર્ષ કે તેથી વધુ જીવે છે. પ્રોસિડિંગ્સ ઓફ નેશનલ એકેડમી ઓફ સાઈન્સ નામના જર્નલમાં આ સંશોધન પ્રકાશિત થયું છે. આ સંશોધન માટે સંશોધકોએ ૬૯,૭૪૪ મહિલાઓ અને ૧,૪૨૯ પુરુષો પર અધ્યયન કર્યું છે. ૧૯૮૫ અને ૨૦૦૪ના વર્ષથી આ અધ્યયન શરૂ હતું. સંશોધનમાં સામે આવ્યું કે જે મહિલાઓ અને પુરુષોના એટિટયુડ પોઝિટિવ હતો તેમની ઉંમરમાં ૧૧ થી ૧૫ ટકા વધારો જોવા મળ્યો છે. ઉપરાંત આશાવાદી લોકોની ૮૫ વર્ષ સુધી જીવવાની સંભાવના અન્ય લોકો કરતાં ૫૦ થી ૭૦ ટકા વધારે જોવા મળી છે.

સંશોધકોએ જણાવ્યું છે કે પોઝિટિવિટિ અનેક રીતે વ્યક્તિના સ્વાસ્થ્ય પર અસર કરે છે. હાલની કોરોનાની પરિસ્થિતિમાંથી પસાર થતાં દરેક વિદ્યાર્થીઓ અને વાલી માટે ઉપયોગી રહેશે.

**– પરેશ એચ. શાહ, વડોદરા. મો. ૯૨૨૭૧૦૪૮૯૬**

મથરાદાસ મોતીચંદ શાહ અને પરિવાર (ભુજ)ના જય શ્રી કૃષ્ણ.

## આફ્રિકન ડાયરી – ભાગ ૧૨ – Company Business Expansion



નૈરોબી અને મુંબઈમાં સફર કરી જુન, ૧૯૮૮ના અંતમાં પાછા લાગોસ આવી ગયા. ફરીથી અહીંની રૂટીન લાઈફમાં વ્યસ્ત થઈ ગયા.

છેલ્લા ચાર વર્ષમાં અમારી કંપનીએ સારી એવી પ્રગતિ કરી હતી. અમારી કંપનીના ફાઉન્ડર ડાયરેકટર સુનિલભાઈ, ધીરેનભાઈ અને મેનેજીંગ ડાયરેકટર મી. નટરાજનનો સારો એવો ફાળો હતો. વિનોદભાઈ અને મેં પણ ફેકટરીને દોડતી કરવામાં અથાગ પરિશ્રમ કર્યો હતો. તે સિવાય લંડન સ્થિત ડાયરેકટર પ્રવીણભાઈ પણ વરસમાં બે વખત લાગોસની મુલાકાતે આવતા. ખીમાસીયા ગ્રુપની બીજી ચારેક ફેકટરી પ્રવીણભાઈની દેખરેખ નીચે લાગોસમાં ચાલતી. આમ તો પ્રવીણભાઈ લંડન સ્થિત ચંદરીયા ગ્રુપ ઓફ કંપનીસ સાથે પણ સંકળાયેલા હતાં. ચંદરિયા ગ્રુપની દુનિયાભરના ૪૦ દેશોમાં ૧૨૫ જેટલી કંપનીઓ હતી. મૂળ નૈરોબીના પ્રવીણભાઈ અને ચંદરિયા ગ્રુપના ડાયરેકટર મનુ ચંદરિયા હસ્તક નાઈજીરિયામાં જ લગભગ દસેક ફેકટરીઓ હતી. નવા નવા ક્ષેત્રમાં ફેકટરી સ્થાપિત કરવાની મનુભાઈ (મણિલાલ પ્રેમચંદ ચંદરિયા)ની સૂઝ સરલ હતી. નૈરોબી–કેન્યામાં સ્ટીલ અને એલ્યુમીનીયમ ની ફેકટરી સ્થાપિત કરી દુનિયાભરમાં વિસ્તારી હતી. નુકશાન કરતી અથવા બંધ પડેલ ફેકટરી હસ્તગત કરી ટેકનીકલ અને મેનેજમેન્ટ સંભાળી ફેકટરીઓને ચાલુ કરતા અને પછી નફો કરતી કરતા. લંડન સ્થિત કન્સલટન્ટ ઓફીસેથી સ્પેર પાર્ટસ અને રો મટીરીયલ અન્ય દેશોમાં સ્થાપિત ફેકટરીઓને સપ્લાય કરતા.

સુનીલભાઇ અને મી. નટરાજન બે વર્ષ પહેલાં લાગોસ છોડી કેનેડા અને નૈરોબીમાં બીજી જવાબદારી સંભાળવા ચાલ્યા ગયા હતા. પ્રવીણભાઈ નાઈજીરીયામાં બીજી બે કંપની સ્થાપિત કરવા જઈ રહ્યા હતાં. ધીરનેભાઈ કેનેડા જવાની તૈયારીમાં હતા. આથી ભારતથી બીજા બે મેનેજર મી. માલ્યા અને મી. શ્રીનિધિ અમારી કંપનીમાં જોડાયા. તે સિવાય મી. કામત લાગોસમાં ગ્રુપ એમ.ડી. તરીકે અને મી. થીમૈયા લંડનમાં ગ્રુપ ડાયરેકટર તરીકે જોડાયા. થોડા સમય પછી ધીરેનભાઈ કેનેડા જતા રહ્યા.

મી. માલ્યા અને મી. શ્રીનિધિ આફ્રિકા માટે નવા હતા. તેથી હું અને વિનોદભાઈ તેમને અહીંની પરિસ્થિતિ થી વાકેફ કરતાં. પરંતુ તેમને આફ્રિકનોને સમજવાની મુશ્કેલી

પડતી હતી. છ એક મહિનામાં મી શ્રીનિધિ છોડીને જતા રહ્યા. મી. માલ્યા અહીંની સ્થિતિથી અનુકુળ થવા કોશિશ કરતા હતાં. મી. માલ્યા અમારા બિલ્ડીંગમાં જ ઉપરના ફ્લેટ પર ફેમીલી સાથે રહેતા હતા. આમ તો દર રોજ અમે પોત પોતાની કારથી આવ જાવ કરતા.

એક સાંજે હું અને મી. માલ્યા એક જ કારમાં ફેકટરીથી ઘેર જવા નીકળ્યાં. ઔપચારિક વાતચીત પછી તેમણે મારા હાથમાં એક પોસ્ટકાર્ડ મુક્યો. મેં તે વાંચ્યો. એમાં કોઈ બેનામી વ્યક્તિએ મી. માલ્યાને ધમકી લખી હતી અને નાઈજીરીયા છોડી જવા લખ્યું હતું. અમારા માટે આ ચિંતાનો વિષય હતો. મે તેમને સાંત્વન આપ્યું અને દરરોજ મારી સાથે જ મારી ગાડીમાં આવજાવ કરવાની ઓફર કરી. થોડા દિવસ આમ ચાલ્યુ. પરંતુ મી. માલ્યાનો ડર ઓછો થતો ન હતો.

તે પછી અમે અમારા ગ્રુપ ડાયરેકટર મી. કામત સાથે મીટીંગ કરી. ઘણી વિચારણા બાદ એમ નક્કી કર્યું કે મી. માલ્યા થોડા દીવસ માટે ફેમીલી સાથે બીજી અજ્ઞાત જગ્યાએ રહેવા જતાં રહે. તે દરમ્યાન અમારે ફેકટરીનાં સ્ટાફ સાથે વાતચીત કરી પોસ્ટકાર્ડ મોકલનારની તપાસ કરાવવી એમ પણ નક્કી કર્યું. બે એક મહીના મી. માલ્યા આમ અજ્ઞાત વાસમાં રહ્યા પરંતુ ફેકટરીમાંથી પોસ્ટકાર્ડ મોકલનારનો પતો લાગ્યો નહી. મી. કામત સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ મી. માલ્યાની હાજરીમાં ફેકટરીના સ્ટાફ સાથે મીટીંગ બોલાવી. મીટીંગમાં બધા સ્ટાફ પાસેથી બાહેંધરી લીધી કે તેઓ મી. માલ્યાને સાથ આપશે અને કોઈ પણ હાનિ નહીં પહોંચાડે આ પછી મી. માલ્યાએ ફેકટરીમાં હાજરી આપવાનું ચાલુ કર્યું.

આ દરમ્યાન મી. નટરાજન જ છોડીને જતા રહ્યા હતાં તે પાછા અમારી કંપનીમાં જોડાયા સાથે તેમનો પુત્ર શ્રીનિવાસ પણ જોડાયો. બધું વ્યવસ્થિત ચાલવા લાગ્યું. છોકરાઓને સ્કૂલમાં વેકેશન પડયું તેથી હું અને મારૂં ફેમેલી મે, ૧૯૮૯ની મધ્યમાં ભારત જવા રવાના થયા. અમારી ટીકી લૂફતાન્સા એરલાઈનની લાગોસથી ફ્રેન્કફર્ટ થઈને મુંબઈ જવાની હતી. ફ્રેન્કફર્ટમાં થોડા કલાકોનો હોલ્ટ હતો. ફ્રેન્કફર્ટ જર્મનીનું મેઈન ઈન્ટરનેશનલ એરપોર્ટ છે તે યુરોપનું મોટામાં મોટા એરપોર્ટમાંનું એક છે. અહીં એટલા બધા ગેટ્સ છે કે એક ગેટથી બીજા ગેટ જવા સારો એવો સમય રાખવો પડે. અહીંથી દુનિયાનાં કોઈ પણ એરપોર્ટ પર જવા માટે સીધી ફલાઈટ મળી રહે અમારી પાસેના થોડા કલાકોમાં અમે એરપોર્ટના શોપીંગ મોલમાં ફર્યા. જર્મનીના પ્રખ્યાત કુકુ કલોકની અનેક વેરાયટીઓ અહીં મળે છે અમે પણ યાદગીરી માટે એક કલોક ખરીદ કર્યું.

આર.વી જ્વેલર્સ (ભરુચ) ના સૌજન્યથી

ફ્રેન્કફર્ટથી મુંબઈ પહોંચી પ્રોગ્રામ પ્રમાણે વિવિધ જગ્યાએ ફર્યા. વળતાં ફ્રેન્કફર્ટ થઈ લાગોસ જુન, ૧૯૮૯ ના અંતમાં પહોંચી ગયા. ફરી અહીંની રૂટીન લાઈફમાં જોઈન થઈ ગયા બે નવી કંપની ચાલુ થતા બીજા પણ ઘણા સ્ટાફ ભારતથી અમારી સીસ્ટર કંપનીમાં જોડાયા. વિનોદભાઈના પિતા બ્રીટીશ રેલ્વેમાં કામ કરતા હતા. તેથી તેમણે બ્રિટનના ઓવરસીઝ સીટીઝન તરીકે વરસો પહેલાં અરજી કરી રાખેલ. હાલમાં તેમનો નંબર લાગી ગયો તેથી વિનોદભાઈએ અમારી કંપનીમાંથી રાજીનામું આપ્યું. આજ સમય દરમ્યાન મી. નટરાજનને બીજી ગ્રુપ કંપનીમાં ટ્રાન્સફર મળી. ૧૯૯૦નું વરસ મારા માટે બહુ કઠીન રહ્યું.

મે–જુન ૧૯૯૦માં મી. માલ્યા ફેમીલી સાથે ભારત ઉપડી ગયા. વિનોદભાઈ પણ ફેમેલી સાથે લંડન જતા રહ્યા. આમ ફેકટરીની બધી જવાબદારી મારી ઉપર આવી પડી. આ વખતે વેકેશનમાં પણ અહીં જ હાજરી આપવી પડી. જુલાઈ, ૧૯૯૦માં મારા સ્કૂલનાં મિત્ર બંકીમભાઈ અહીંની એક ટેક્ષટાઈલ કંપનીમાં ભારતથી જોડાયા. તેથી અમને એકબીજાને સારી કંપની મળી. બંકીમભાઈ મારા મિત્ર તો છે જ. તે ઉપરાંત ગુરૂપુત્ર પણ છે તેમના પિતા બચુભાઈ અમારી સ્કુલમાં શિક્ષક હતા. બંકીમભાઈ અને હું પ્રાયમરી સ્કુલથી સાથે જ હતા. તે પછી અમે બંને કચ્છથી મુંબઈ પણ સાથે જ આવ્યા. હું એ રોડ, ચર્ચગેટ પર આવેલી જયહિંદ કોલેજમાં હતો અને તેઓ બી રોડ, ચર્ચગેટ પર આવેલી સીડનામ કોલેજમાં હતાં. તે પછી મુંબઈના માલાડમાં જ અમારૂ બંનેનું પહેલું ઘર હતું અને છેલ્લે મુંબઈથી લાગોસ પણ તેઓ મારી પાછળ આવી ગયા તેમના પત્ની ગીતાબેન અને છોકરાઓ ધ્રુવ અને સિધ્ધી પણ લાગોસમાં જોડાયા. અમારા ફેમેલી ગેટ–ટુ–ગેધર વખતે અમારા છોકરાઓ 'A' (Amritlal) ની પાછળ 'B' (Banki)ની સ્ટોરી ખાસ યાદ કરાવતા (નોંધ અમારી દોસ્તી હજુ પણ ચાલુ છે)

આ વેકેશનમાં મુંબઈ જવાનું ન થતાં મેં મુંબઈની મારી બેંકમાંથી સ્ટેટમેટ મંગાવ્યું સ્ટેટમેંટમાં એક ચોંકાવનારી એન્ટ્રી હતી. ૫૦૦ ડોલર ટી.ટી. થી ફ્રાન્સ ટ્રાન્સફર કર્યાની ડેબીટ એન્ટ્રી હતી. મેં તો આવું કોઈ ટ્રાન્ઝેશન કરેલ ન હતું. તાત્કાલિક બેંકનો આ છેતરપીંડીની ફરીયાદ કરી એક મહીના પછી બેંકનો જવાબ આવ્યો સાથે મારી ફોર્જ સહીવાળો ટ્રાન્સફરની રીકવેસ્ટનો લેટર પણ હતો તે પછી બેંકને પૈસા જમા કરવા કેટલાય પત્ર લખ્યા. પરંતુ કોઈ ઉકેલ ન આવ્યા.

**– અમૃતલાલ વાયડા, મુંબઈ**
**મો. ૯૮૨૧૪૬૩૭૯૫**

મે. ભરૂચ સ્ટીલ ટ્રેડર્સ – મે. શ્રીજી ટ્રેડર્સ (ભરૂચ)ના સૌજન્યથી.

ગં સ્વ. સરસ્વતીબહેન ઝવેરીલાલ શાહના જય શ્રી કૃષ્ણ.

## પૂર્ણાવતાર શ્રીકૃષ્ણ – કૃષ્ણ અને મેનેજમેન્ટ



કૃષ્ણ પાસેથી શું શીખીશું ? કૃષ્ણ મહાજ્ઞાની અને મહાન કર્મયોગી છે. કૃષ્ણ પૂર્ણ છે તેનો અર્થ એ કે કૃષ્ણના જીવનમાં એ બધું જ છે જે કોઈ એક વ્યક્તિના જીવનમાં હોવું અસંભવિત છે. કૃષ્ણ એક મહાન લીડર હતા. એક સફળ નેતામાં જે આવશ્યક ગુણો જોઈએ તે તમામ તેમનામાં હતાં. તેમના જીવનમાં નિર્ણયશક્તિ, વ્યવહારદક્ષતા, બુધ્ધિમત્તા, પ્રત્યાયન, સ્થિતિપ્રજ્ઞતા, ક્રાંતિ, વિવેક, વિનય, પરાક્રમ, દ્રઢસંકલ્પ – આ તમામ ગુણો જોવા મળે છે.

પીટર ડ્રકર, ટોમ પીટર્સ, સ્ટીફન કોવે, ઓગ મેન્ડીનો, એન્થની રોબીન્સ, જીમ કોલીન્સ જેવા આધુનિક મેનેજમેન્ટ ગુરુઓમાં શું સામ્ય છે ? તેઓના વિચાર અજાણપણે કૃષ્ણના જીવનમાંથી જ આવિર્ભાવ પામ્યા છે. કૃષ્ણના સમયાતીત ડહાપણને કારણે અર્જુન યુદ્ધ કરવા પ્રેરિત થયો હતો અને પાંડવોએ વિજય મેળવ્યો હતો.

દરેકના ઘરમાં મેનેજમેન્ટનું એક પુસ્તક અવશ્ય હોય છે અને તે છે – “શ્રીમદ્ ભગવદ્ગીતા” પ૨૦૦ વર્ષ પહેલાંની ભગવદ્ગીતામાં એવું તે શું છે કે આજના સમયમાં બિઝનેસ અને ઈકોનોમીમાં તેનો મહત્ત્વનો રોલ છે. ભગવદ્ગીતા જૂની છે પણ તેનો અર્ક આજે પણ માન્ય છે. આજે મેનેજમેન્ટ ગુરુઓ પોતાના પ્રેરણાત્મક વક્તવ્યમાં ભગવદ્ગીતાનો ઉલ્લેખ કરે છે. વિવિધ બિઝનેસગૃહોમાં તે ભણાવાય છે.

મારુતિ સૂઝુકી કંપની ભગવદ્ગીતાના મોડલ પર પોતાના કર્મચારીઓને પ્રશિક્ષણ આપે છે. કર્મચારીઓ પોતાના વ્યક્તિગત વિકાસ તેમ જ કંપનીની સફળતા માટે ભગવદ્ગીતાના શ્લોકોમાંથી ઊંડી પ્રેરણા લે છે. કંપનીના ચેરમેન રવિન્દ્રચંદ્ર ભાર્ગવ કહે છે.–“ભગવદ્ગીતાનું મોડ્યુલ કાર્યદક્ષતા, સચોટતા અને પ્રયત્નવિહિન પરિણામ માટે મદદરૂપ થાય છે.”

The Difficulty of Being Good ના લેખક ગુરુચરણદાસ કહે છે – “ગીતા હવે આધુનિક વિચારો અને જરૂરિયાત પર પ્રકાશ ફેંકે છે. તે લીડરશીપની સાથે હિંમત અને કરૂણાના પાઠો પણ શીખવે છે. તે આશાવાદ શીખવે છે અને તનાવમાંથી મુક્ત કરે છે. ભગવદ્ગીતા મહાન મેનેજમેન્ટ પુસ્તકોમાં સર્વશ્રેષ્ઠ છે.”

સ્વ. કુસુમબહેન મનમોહનદાસ પરીખ (પાટણ) પરિવારના સર્વેને જય શ્રી કૃષ્ણ.

ડૉ. કિશોરભાઈ રસિકલાલ પરીખ (અંકલેશ્વર)ના જય શ્રી કૃષ્ણ.

ધર્મ–અધ્યાત્મ અને મેનેજમેન્ટ – બંને ભિન્ન ભિન્ન જણાતા હોવા છતાં બંનેના પાયામાં માનવવર્તન, તેની માનસિકતા અને આચરણ રહેલા છે.

કૃષ્ણનું જીવન જ મેનેજમેન્ટની પાઠશાળા છે. કૃષ્ણનાં જીવનની દરેક ઘટનાઓમાંથી મેનેજમેન્ટના પાઠો શીખવા મળે છે.

કૃષ્ણ શૌર્યથી ભરપૂર હતા. કૃષ્ણ કાલીયનાગને નાથે છે પણ મારી નથી નાંખતા. કાલીયનાગની પાંચ ફેણને મારી વિષ કાઢી લે છે. આ પાંચ ફેણ મનુષ્યની પાંચ ઈન્દ્રિયો છે. મનુષ્યે આખી જિંદગી આ ઈન્દ્રિયો પાસેથી જ કામ લેવાનું છે. તેને શુદ્ધ રાખવાની છે. ત્યારબાદ કૃષ્ણ તેની પર નૃત્ય કરે છે. જે દર્શાવે છે કે તેમણે ઈન્દ્રિયોને જીતી લીધી. માણસે ઈન્દ્રિયો પર જીત મેળવીને જીવન સફળ બનાવવું જોઈએ. ભગવાન વાંસળી સાથે રાખે છે, તેઓ ગોપગોપીઓને સાથે નથી રાખતા. વાંસળી એ કૃષ્ણના વ્યક્તિત્વના સેલ્ફ મેનેજમેન્ટનું પ્રતીક છે. વાંસમાંથી વાંસળી બને છે. એટલે જીવનમાં સંઘર્ષ જરૂરી છે. જીવનને ઘડવા માટે દુઃખ આવશ્યક છે.

કૃષ્ણ માખણચોર તરીકે પ્રખ્યાત થયા. એમનો આશય એ હતો કે જીવનની આવશ્યક વસ્તુઓ દરેકને મળવી જ જોઈએ. ગોકુળનું માખણ મથુરા ચાલી જતું હતું તે અટકાવ્યું. અન્યાયને ક્યારે સહન ન કરવો જોઈએ. આ તેમનું ટીમવર્ક પણ હતું. ગોકુળમાં વર્ષોથી ઈન્દ્રપૂજા થતી હતી તે કૃષ્ણે બંધ કરાવી. કૃષ્ણ બાળક હોવા છતાં વાતચીતની કુશળતાને કારણે ગામના બધા જ લોકો તેમનું માન્યા. તેમની બોલવાની કળા અને દલીલો ચુંબકીય હતી. ઉપરાંત ગોવર્ધન પર્વતની પૂજા માટેના સચોટ કારણો પણ આપ્યા. તેઓ પર્યાવરણ પ્રત્યે જાગૃત હતા.

લીડર હંમેશા સમય કરતાં વહેલા જન્મે છે. લીડર ઘટનાને અલગ રીતે, વિશેષરૂપે જુએ છે. જ્યારે પ્રશ્ન આવે ત્યારે નેતાએ જવાબદારી લેવી જોઈએ. નેતા હંમેશા તેના લોકો સાથે ઊભો રહેવો જોઈએ. નેતાનું કામ સાચો રસ્તો બતાવવાનો છે. તેમજ બિનશરતી મદદ કરવાની હોય છે. ઈન્દ્રએ ગુસ્સે થઈને પુષ્કળ વરસાદ વરસાવ્યો ત્યારે કૃષ્ણે ગોવર્ધન પર્વત ઉંચકી પ્રજાને રક્ષણ આપ્યું.

અગિયાર વર્ષની ઉંમરે જ મથુરાના રાજકારણમાં આવી ગયા. કંસને માર્યા પછી રાજ્ય પોતે ન લીધું પણ ઉગ્રસેનને સોંપીને પોતે સાંદીપની ઋષિના આશ્રમમાં અભ્યાસ માટે ચાલી ગયા જે દર્શાવે છે કે જીવનમાં શિક્ષણનું ખૂબ જ મહત્વ છે. જ્ઞાન, કોઈ પણ પ્રકારે પ્રાપ્ત કરવું જ જોઈએ. આજના સમયમાં ચાહે તે વર્કશોપ હોય કે સેમીનાર, ઓનલાઈન શિક્ષણ હોય કે ક્લાસરૂમ શિક્ષણ – તે યોગ્ય વયે મેળવી લેવું જોઈએ, જે

પ્રવીણાબહેન દીપકભાઈ દલાલ, વિલે પાર્લે (પૂર્વ), મુંબઈ ના જય શ્રી કૃષ્ણ.

આગળ જોબ કે બિઝનેસમાં કામ આવે. પૈસો કે પાવર નહીં પણ જ્ઞાન મહત્વનું છે.

અસામાન્ય પરાક્રમો કર્યા પછી કૃષ્ણે પોતાના શૌર્ય પર કદી ગર્વ કર્યો નથી. તેઓ નિરાભિમાની અને વિનયી વ્યક્તિત્વ ધરાવતા હતાં. લીડરની આ મુખ્ય લાક્ષણિકતા છે.

મથુરાથી દ્વારકા તરફનું પ્રયાણ તે સમયનું સૌથી મોટું સ્થળાંતર હતું. ઉત્તરથી પશ્ચિમ તરફ સાવ નવી જગ્યાએ દરિયાકિનારે નગરી વસાવવી અને પ્રજા સહિત વસવાટ કરવો અઘરૂં છે પણ કૃષ્ણે દર્શાવ્યું કે જીવનમાં વિકાસ કરવો હશે તો જુદી જુદી સંસ્કૃતિ, જુદી જુદી વ્યક્તિઓ અને જુદા જુદા અનુભવો મેળવવા પડશે. જેટલું વધુ ફરશો એટલું વધુ જાણવા મળશે.

રાજસૂય યજ્ઞ સમયે જરાસંઘને ભીમ પાસે મરાવ્યો, કાળયવનને મુચુકુંદ ઋષિ દ્વારા હણાવ્યો. એક લીડરે બધા જ કાર્યો પોતે કરવા જરૂરી નથી. પોતાની ટીમના સભ્યોને કામ સોંપવું જોઈએ અને ટીમની ભાવનાને મજબૂત કરવી જોઈએ. લીડરે યોગ્ય માર્ગદર્શન કરતા રહેવું જોઈએ. લીડરે અન્ય વ્યક્તિઓને પ્રેરિત કરી પોતાના મૂળભૂત ઉદ્દેશો પ્રાપ્ત કરવાની અનોખી કળા વિકસાવી હોય છે. બંને શક્તિશાળી યોદ્ધાઓને યુધ્ધ પહેલાં જ મરાવી નાંખ્યા. શક્તિશાળી માણસો સામે કૂટનીતિથી કામ લેવું જોઈએ તે પણ આમાંથી શીખવા મળે છે.

રાજસૂય યજ્ઞમાં અગ્રપૂજા કોની કરવી તે અંગે ભીષ્મએ કૃષ્ણનું નામ સૂચવ્યું તે સાથે જ શિશુપાલ ઉકળી ઉઠયો. શિશુપાલે અપશબ્દો બોલવાની શરૂઆત કરી ત્યારે ભીમ, ભીષ્મ અને બલરામ ગુસ્સે થાય છે પણ કૃષ્ણ તેઓને શાંત રહેવાનું કહે છે. કૃષ્ણ દર્શાવે છે કે શક્ય હોય ત્યાં સુધી આવી વ્યક્તિની અવગણના કરો અથવા માફ કરો પણ જ્યારે તે હદ પાર કરે અથવા વારંવાર અપમાન કરે ત્યારે તેનો વિરોધ કરવો જોઈએ. શિશુપાલવધ દ્વારા કૃષ્ણે નૈતિકતાનો દાખલો બેસાડયો. જો ધર્મની ભીતિ ન રહે તો ધર્મની સ્થાપના કરવી અઘરી બને છે. માણસ અપમાન કરે તો કેટલી ધીરજ રાખવી તેનો વિવેક પણ કૃષ્ણ શીખવે છે. વિવેક એટલે એવું તત્ત્વ જે હિંમત અને સંવેદનાને બેલેન્સ રાખી શકે છે અને શ્રેષ્ઠ પરિણામો આપે છે.

અર્જુન અને દુર્યોધન બંને કૃષ્ણ પાસે યુદ્ધ માટે મદદ માંગવા આવે છે. સાચો નેતા હંમેશા દરેક વ્યક્તિ સાથે હોય છે. તે મિત્ર હોય કે દુશ્મન તે દરેક નિર્ણયમાં ધર્મને અનુસરે છે. કૃષ્ણ સૂતા છે. અર્જુન પગ પાસે બેસે છે. દુર્યોધન મસ્તક પાસે બેસે છે, જે તેના અહંકારનું પ્રતીક છે. આ દર્શાવે છે કે નમ્ર બનો. અહીં કૃષ્ણની વ્યવહારદક્ષતા અને ઉત્કૃષ્ટ બુદ્ધિમતાનું ઉદાહરણ છે. કૃષ્ણ જાગે છે ત્યારે માંગવાનો અધિકાર પ્રથમ

અર્જુનને આપે છે. અર્જુન કૃષ્ણને માંગે છે. દુર્યોધન સેના મેળવીને રાજી થાય છે. કૃષ્ણ શસ્ત્ર હાથમાં નથી લેતા એટલે જબરદસ્ત આયોજન (પ્લાનીંગ) કરે છે. બિઝનેસ અને મેનેજમેન્ટમાં આયોજનનું ખૂબ જ મહત્ત્વનું છે. દરેક પાસાંનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરી નિર્ણયો લેવા જોઈએ. વળી બિઝનેસમાં નવા વિચારો અને કાબેલ સ્ટાફને સ્થાન આપવું જોઈએ.

કૃષ્ણની ખૂબી એ છે કે યુદ્ધ ન થાય તે માટે શાંતિ પ્રસ્તાવ લઈને ધૃતરાષ્ટ્ર પાસે જાય છે પણ યુધ્ધ જ્યારે આવી પડયું છે અને અર્જુનને પોતાના સગાવહાલાંને જોઈને મોહ થાય છે ત્યારે યુદ્ધ માટે તેને તૈયાર પણ કૃષ્ણ જ કરે છે. અર્જુનને આ સમયે યુદ્ધનો હેતુ સમજાવે છે અને તેનો ભય અને શંકાઓ દૂર કરી, ફરજ અદા કરે છે. ભગવદ્‌ગીતા જગતની પ્રથમ મોટીવેશનલ સ્પીચ છે. ગીતાના પ્રથમ અધ્યાયમાં કૃષ્ણ કશું જ બોલતા નથી. લીડરનો આ એક મહાન ગુણ છે અને તે છે ઉત્તમ શ્રોતાનો. સ્ટીફન ક્રોવે ઉત્તમ શ્રોતાને મહત્વનો ગુણ ગણે છે. હીયરીંગ અને લીસર્નીંગમાં તફાવત છે. હીયરીંગ એટલે માત્ર સાંભળવું જ્યારે લીસર્નીંગ એટલે સમજપૂર્વક સાંભળવું. પ્રથમ શાંતિથી સાંભળો અને ત્યાર બાદ તેને અનુરૂપ નિર્ણય લો.

કૌરવોના પક્ષમાં ઘણા નેતાઓ છે – ભીષ્મ, દ્રોણ, કર્ણ, શલ્ય વગેરે પરંતુ તેઓમાં એકસૂત્રતા નથી. ભીષ્મ લડે છે ત્યાં સુધી કર્ણ યુદ્ધભૂમિ પર આવતો નથી. શલ્ય એ કૃષ્ણના કહેવાથી કર્ણનો તેજોવધ કરે છે. આમ પ્રતિબદ્ધતા ન હોવાને કારણે કૌરવો હાર્યા. પાંડવો ધ્યેય સાથે લડયા. સામે પક્ષે કૌરવોના સેનાપતિઓ અધકચરા મનથી લડયા. તેઓ વ્યક્તિગત હેતુ સામે લડ્યા. તેમનામાં વિઝનનો અભાવ હતો. દરેક યોદ્ધો ટીમમાં હિસ્સાને બદલે વ્યક્તિગત લડયો. સંસ્થામાં કર્મચારીઓ પ્રત્યે વિઝન અને મિશનની સ્પષ્ટતા હોવી જરૂરી છે. જેથી એક જ ધ્યેય માટે આગળ વધવાની પ્રેરણા મળે.

પાંડવોનું સૈન્ય નાનું હતું. કૌરવો પાસે અગિયાર અક્ષોહિણી સેના હતી જ્યારે પાંડવો પાસે સાત અક્ષોહિણી સેના હતી. સંખ્યાબળ મહત્વનું નથી પરંતુ સાહસ, નીતિ અને યોગ્ય સમયે યોગ્ય નિર્ણય અને વ્યક્તિનો ઉપયોગ કરવાની આવડત વિજય અપાવે છે.

દ્રોણના વધ સમયે અશ્વત્થામા નામના હાથીને મારીને પોતાનો પુત્ર હણાયો છે એવી વાત ફેલાવવામાં આવી. પુત્રપ્રેમને કારણે દ્રોણ હથિયાર હેઠા મૂકી દે છે અને વાતની ખાતરી માટે દ્રોણ યુધિષ્ઠિર પર ભરોસો મૂકે છે. યુધિષ્ઠિરની એક બ્રાન્ડ ઈમેજ છે. દરેક

કંપનીની સફળતા તેની બ્રાન્ડ ઈમેજ અને તેમાં મૂકેલો ગ્રાહકોનો ભરોસો છે.

અર્જુનને ખબર પડે છે કે પોતાના પુત્ર અભિમન્યુ વધ માટે જયદ્રથ જવાબદાર છે એટલે અર્જુન બીજે દિવસે યુધ્ધ સમાપ્ત થાય ત્યાં સુધીમાં જયદ્રથનો વધ કરવાની પ્રતિજ્ઞા લે છે. આ પ્રતિજ્ઞા અત્યંત અઘરી હતી પણ કૃષ્ણની વ્યૂહરચનાને કારણે સફળતામાં પરિણમે છે. આ દર્શાવે છે કે માણસે વિચારપૂર્વક કે હોશપૂર્વક નિર્ણયો લેવા જોઈએ. ગુસ્સામાં હોય ત્યારે નિર્ણયો ન લેવા જોઈએ તેમજ કોઈપણ કાર્ય માટે ઉતાવળ ન કરવી જોઈએ. યોગ્ય વિચારણાને અંતે આયોજનપૂર્વક કામ કરવું જોઈએ.

યુધ્ધ બાદ પાંડવો અને કૃષ્ણ, ધૃતરાષ્ટ્રને મળવા જાય છે ત્યારે તે ભીમને ભેટવાને બહાને તેને કચડી નાખવાનું વિચારે છે. કૃષ્ણ ભીમનું લોખંડનું પૂતળું ધૃતરાષ્ટ્રને આલિંગનમાં આવીને ભીમને બચાવી લે છે. એક લીડરે હંમેશા સાવધાન રહેવું જોઈએ. તેની નજર ચકોર હોવી જોઈએ. વળી ભવિષ્યમાં સર્જાનારી સમસ્યાઓ પ્રત્યે તે માનસિક રીતે તૈયાર હોય છે.

યુદ્ધ પછીના ૩૬ વર્ષો દ્વારિકામાં શાંતિથી રહ્યા બાદ જ્યારે પોતાની પ્રજા બેકાબૂ અને અનૈતિક બની તેમ જ ન્યાય, નીતિ અને ધર્મ ચૂકયા ત્યારે તેઓનો સંહાર થવા દીધો. દરેક વ્યક્તિએ ન્યાય, સત્ય, નીતિ, નિયમ અને ધર્મને સતત અનુસરવું જોઈએ.

કૃષ્ણનું ધ્યેય સ્પષ્ટ હતું. (૧) પરિત્રાણાય સાધુનામ – સારા લોકોનું કલ્યાણ કરવું. (૨) વિનાશાય ચ દુષ્કૃતામ્ – ખરાબ – અધર્મીલોકોનો નાશ કરવો (૩) ધર્મ સંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે. દરેક યુગમાં સારા અને સાચા સિદ્ધાંતોનું સ્થાપન કરવું. દરેક સંસ્થામાં મેનેજર માસે નિશ્ચિત ધ્યેય હોવું જોઈએ અને કાર્યપધ્ધતિ સચોટ હોવી જોઈએ જેથી સફળતા મળે.

અર્જુન અમસ્તા કૃષ્ણને અચ્યુત કહીને સંબોધતો નથી. તેને ખબર છે કે કોઈપણ પરિસ્થિતિમાં કૃષ્ણ વિચલિત થતા નથી. કૃષ્ણ જરૂર હોય ત્યાં જ બોલે છે, ચૂપ રહેવું જોઈએ ત્યાં બોલતા નથી. આ મહત્ત્વનો ગુણ છે. કૃષ્ણ, વિષ્ટિ દરમ્યાન જોરશોરથી ચર્ચા કરે છે પણ દ્રૌપદીના આક્રોશ અને ગાંધારીના શ્રાપ આગળ મૌન સેવે છે. કૃષ્ણ ટેકનોસેવી છે. તેમણે સુદર્શનને વિજ્ઞાન સાથે સાંકળ્યું.

કૃષ્ણે સમજાવ્યું કે સફળ થવા માટે સમજણ જરૂરી છે. જે સમજતો નથી તે સફળ થતો નથી. માણસના જીવનમાં હળવાશ હોવી જોઈએ તે અગત્યનું છે. ચોવીસ કલાક માણસ બિઝનેસમાં વ્યસ્ત રહે તે હિતાવહ નથી. કૃષ્ણ વ્યસ્ત હોવા છતાં વાંસળી વગાડી પોતે

મસ્ત છે તેમ દુનિયાને બતાવ્યું. વળી મોરપિચ્છ માથા પર ધારણ કરી હળવાશનો મહિમા કર્યો.

ક્યારે, ક્યાં, શું બોલવું એની કૃષ્ણને ખબર છે. કૃષ્ણ કુરુક્ષેત્રમાં શંખ ફૂંકે છે અને ગોપીઓ પાસે વાંસળી વગાડે છે. વિષ્ટિ કરવા ધૃતરાષ્ટ્ર પાસે જાય છે પણ ભોજન વિદૂરનું લે છે. સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો ધારણ કર્યા પછી કોઈપણ સ્થિતિમાં સ્વસ્થ રહેવાય છે. શેરબજારમાં નાણાં ગુમાવ્યા બાદ પણ સ્વસ્થ રહી શકાય છે. કૃષ્ણને ખબર છે. કોની પાસેથી શું કામ લેવું ? લીડરમાં આ આવડત હોવી જોઈએ. કૃષ્ણે ભીમ પાસેથી બળનું કામ લીધું અને અર્જુન પાસે કળથી કામ કરાવ્યું. જેને જે કામ સોંપવું હોય તેને જ તે સોંપવું જોઈએ.

કૃષ્ણની U.S.P. શું છે ? સ્માઈલ. કોર્પોરેટમાં પણ સ્માઈલથી મધુર રીતે અન્યને જીતી શકાય છે. તેના માટે કાવાદાવાની જરૂર નથી. કોર્પોરેટમાં તમે પ્રેમથી પણ જીતી શકો. કૃષ્ણે બીજાને આધાર આપીને બેઠા કરવાનું કામ કર્યું. કદાચ આ જ સાચું કોર્પોરેટ કલ્ચર છે. આમાં કલ્ચર મહત્ત્વનો શબ્દ છે. કોર્પોરેટ નાનો શબ્દ છે.

શ્રીમદ્ ભગવદ્ગીતાના અંતમાં શ્રીકૃષ્ણ કહે છે– 'યથેચ્છસિ તથા કુરુ.' આ જ્ઞાન મેં તને આપ્યું એના પર સંપૂર્ણતાથી સારી રીતે વિચારી, ઈચ્છા અનુસાર અમલ કર. બધો આધાર તમારા પર્સેપ્શન પર, દુનિયાને જોવાની તમારી આગવી દ્રષ્ટિ પર છે. આ મહત્ત્વની શીખ છે.

કંપનીમાં દરેક મેનેજરને, દરેક કર્મચારીને, એની કારકિર્દીમાં વિકાસ માટે એક શક્તિશાળી અને અસરકારક પથદર્શક (મેન્ટોર)ની જરૂર પડે છે. એવા પથદર્શક જે તેને સમજે, શીખવે અને સાચવે, કર્મ પરથી તેનું ધ્યાન ન હટે અને લક્ષ્યાંક પાર પાડી બતાવે. આજના સમયમાં હિન્દુસ્તાનમાં કુશળ લીડરનાં તમામ ગુણો રતન તાતા અને નારાયણ મૂર્તિમાં જોવા મળે છે.

શ્રીમદ્ ભગવદ્ગીતાના અંતિમ શ્લોકમાં સંજય કહે છે – જ્યાં ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુનનું સંયોજન છે ત્યાં જ લક્ષ્મી, વિજય, સંપત્તિ અને નીતિ છે. આ જ સત્ય છે.

(ક્રમશ:)

**– હિમાંશુ શાહ, અમદાવાદ**

**મો. ૯૪૨૯૦૬૭૮૯૦**

## વાહ રે જીંદગી !



શિયાળામાં લોહી વહેતુ રાખે એ માટે એક તાપણું જોઈએ
અને લાગણી વહેતી રાખે એ માટે એક આપણું જોઈએ.
જેને ગમ્યો એમણે ધૂપ કહી દીધો મને
ના ગમ્યો જેને ધૂમાડો કહી ગયા મને
પ્રભુને મળવા ગયો અને રસ્તો ભૂલી ગયો
માણસ તો બનવા ગયો પણ પ્રેમ ભૂલી ગયો
પરિવારને પામવા ગયો ત્યાં ખુદને ભૂલી ગયો
પૈસાને પામવા ગયો, તો પરિવાર ભૂલી ગયો.
જિંદગીની દોડમાં હું ઉંમર ભૂલી ગયો
અને ઉંમર યાદ આવી ત્યારે હું જીવન ભૂલી ગયો
કોઈકની ખામી શોધવાવાળા માખી જેવા હોય છે સાહેબ
જે આખું સુંદર શરીર છોડીને ઘાવ પર બેસતા હોય છે.
શું વેચીને તને ખરીદુ "જિંદગી"
મારૂં તો બધું જ ગીરવી પડયું છે. જવાબદારીના બજારમાં દિલનો નેક છું સાહેબ
શરારત કરૂં છું સૌની સાથે પણ "સાજીસ" નહી
સ્વાદ અલગ છે મારા શબ્દોનો
ઘણાને સમજાતો નથી...
ઘણાને ભૂલાતો નથી...
રોજ સાંજે સુરજ નહીં પણ
આ અણમોલ જીંદગી ઢળતી જાય છે
આંસુને ક્યાં હોય છે કોઈ વાણી,
સમજો તો મોતી, ન સમજો તો પાણી...
એકાંતને ઓગાળી ઓગાળી તેમાં વ્યસ્ત રહું છું.
માણસ છું મુરઝાઉં છું તોયે મસ્ત રહું છું.
મગજ ક્યારેય સીધુ ચાલતું નથી
અને હૃદયને આડું ચાલતા આવડતું નથી
સરવાળે...

મગજવાળા હ્દયવાળાની ભરપૂર મજા લે છે
જિંદગીના છેલ્લા દિવસે પણ મોજ થઈ શકે
પણ ખબર ન પડવી જોઈએ કે આજ છેલ્લો દિવસ છે
ખબર છે મારૂં કશું પણ નથી
છતાં છોડવાનું ગજુ પણ નથી
વાહ રે જીંદગી...

**– ગૌતમભાઈ જે. શાહ, અમદાવાદ**
**મો. ૯૯૦૪૧૫૫૭૭૨**

પુષ્ટિમાર્ગના મર્મજ્ઞ ડો. શ્રી પીયુષભાઈ પરીખ (ભરુચ–પાટણ) દ્વારા પુષ્ટિમાર્ગના વિવિધ વિષયો ઉપર પોતાની આગવી શૈલીમાં રજૂ થયેલા પ્રવચનો યુ–ટયુબ ચેનલ **'પુષ્ટિ પીયુષ પાન'** ઉપર પ્રસારિત થઈ રહયા છે. શ્રીમદ્ ભાગવત, ૮૪–૨૫૨ વૈષ્ણવોની વાર્તા, એકતાલીસ શિક્ષાપત્રો વગેરે વિષયો ઉપર તેમના પ્રવચનો દ્વારા સત્સંગનો લાભ લઈ શકાશે. બાળકો અને યુવાનો પુષ્ટિમાર્ગને જાણે, સમજે અને પ્રવેશ કરે તે શુભ હેતુથી આ ચેનલની શરુઆત કરવામાં આવી છે. આ ચેનલને સબસ્ક્રાઈબ કરી સત્સંગનો લાભ લેવા અનુરોધ છે.

**– તંત્રી**

## વાચકોના અભિપ્રાય

વા.મિ.નો જાન્યુઆરીનો અંક જોઈ પ્રસન્નતા અનુભવી. સૌ પ્રથમ તો તંત્રી શ્રી શ્રેણીકભાઈને આવું Balanced Coverage આપવા માટે અભિનંદન. સાથે જ સહુ લેખકોને પણ અભિનંદન. શ્રી પ્રિયમુખભાઈ શાહનો અનોખી ભાત પાડતો લેખ ઉલ્લેખનીય છે. શ્રી શરદભાઈ શાહનો માનનીય લેખ અને શ્રી હિમાંશુભાઈનો કોરોના વિષેનો લેખ ખૂબ ગમ્યો. શ્રી હરીશભાઈ શાહનો 'શબ્દ સરોવરમાં ડુબકી' પ્રસંશનીય લેખ છે. કવિતાઓ સારી છે જ. ભારતીબેન કશ્યપની કવિતાનો ઝંખનામય ભાવ ગમ્યો. અસ્તુ.

**– જગદીશ પરીખ**

તા.ક. શ્રી હિમાંશુભાઈના શ્રીકૃષ્ણ વિશેના અને શ્રી સનતભાઈ શાહના કર્ણ – કુંતીના લેખને મીસ કર્યા.

# જ્ઞાતિ સમાચાર

**સમાચાર–સંપાદક : દીપક મહેન્દ્રભાઈ શાહ**, દીપક મહેન્દ્રભાઈ શાહ, ૪૦, આરોહી રેસીડેન્સી, બિલોરી સોલિટેર પાસે, સાઉથ બોપલ, અમદાવાદ – ૩૮૦ ૦૫૮

(M) 98791 10027, E-Mail : dmshah2163@gmail.com

૧.) વાયડામિત્ર નહીં મળવા અંગેની ફરિયાદ માત્ર એસ.એમ.એસ., વોટ્સ એપ અથવા પત્ર દ્વારા **ફક્ત શ્રી પ્રમોદભાઈને (મો ૯૪૨૭૮ ૦૦૩૫૯)** જ મોકલવી જેથી બીજો અંક પોસ્ટ દ્વારા મોકલી શકાય. મેસેજમાં પોતાનું હાલનું અને જૂનું સરનામુ ખાસ લખવું.

૨.) જ્ઞાતિ સમાચાર **ફક્ત સમાચાર સંપાદકશ્રીને** જ મોકલવા.

૩.) લેખ, કવિતા, શ્રધ્ધાંજલિ, જા.ખ તથા અહેવાલ **ફક્ત તંત્રીશ્રીને** જ મોકલવા.

## જન્મ

મુંબઈ : અ.સૌ. નયનાબેન વિનોદભાઈ પરીખનાં પુત્ર ચિ. રીકેશ અને પુત્રવધુ અ.સૌ. અર્ચનાના ઘેર પુત્ર જેનીલનાં જન્મપ્રસંગે વાયડામિત્રને રૂા. ૫૦૧/– ભેટ મળેલ છે.

## અવસાન

વડોદરા : શ્રી દિલીપભાઈ (વલ્લભભાઈ) ચીમનલાલ શેઠ, ઉ.વ. ૭૮, ૪–૧–૨૦૨૧, યુ.એસ.એ

વાપી : સ્વ. રશ્મિનભાઈ રમેશચંદ્ર શાહ, ઉ.વ. ૬૨,તા. ૩૭–૧–૨૦૨૧

મુંબઈ : કડીનિવાસી સુશીલાબહેન હસમુખભાઈ શાહના સુપુત્ર જિજ્ઞેશ, ઉ.વ. ૫૩, તા. ૯–૧–૨૦૨૧

## લગ્ન વિષયક

**(૧)** વડોદરાસ્થિત (મૂળ પાટણ) દશા વાયડા વણિક ડૉક્ટર યુવતી જન્મ તા. ૨–૧–૧૯૯૫, વજન ૫૬ કિલો, ઉંચાઈ ૫'–૨", અભ્યાસ MBBS, Pursuing MD (Dermatology) માટે ડોક્ટર યુવકનાં વાલી તરફથી જન્માક્ષર અને બાયોડેટા સાથે સંપર્ક આવકાર્ય છે. e-mail : amparikh99@gmail.com, whatsapp call No. 9427847046

**(૨)** આણંદસ્થિત વાયડા વણિક જ્ઞાતિના ગ્રેજ્યુએટ વેલસેટેડ યુવક માટે યોગ્ય યુવતીનાં વાલી તરફથી બાયોડેટા અને ફોટોગ્રાફ આવકાર્ય છે. ઉ. વ. ૩૧, ગવર્નમેન્ટ નોકરી, ઉંચી પોસ્ટ, ઉંચાઈ ૫'–૧૦", વજન ૬૫ કીલો, માસીક આવક રૂા. ૭૦,૦૦૦/– સંપર્ક ૯૨૬૫૨ ૫૯૮૨૧

નીચે જણાવેલ જ્ઞાતિજનોના વાયડામિત્ર અમને પરત મળી રહ્યાં છે. આપને વિનંતી છે કે આપનું સરનામું બદલાયેલ હોય અથવા ઘર બંધ હોય અને હવે પછી વાયડામિત્ર મોકલવાનું બંધ કરવાનું હોય તો અમને જણાવો જેથી વાયડામિત્ર મોકલવાનું બંધ કરી શકાય.

(1) 1152/03
Shah Vishal Rajnikant
C/o. Ranjikant chamshi Shah "SAIPRAS", B-406, 4th Floor,
Vasant Garden, Mulund, Mumbai - 400080

(2) Parikh Chirag Subhashchandra
Opp. Samdi Pole, Nr. Verma Chemicals, Bajwada Main Road,
Vadodara - 390001

(3) Shah Jatin U.
D/802, Pine wood, Vasant Garden, Mulund (W),
Mumbai - 400080

(4) Dalal Jayprakash Sumatilal
72, Kalyan Building, Khadilkar Road, Mumbai - 400004

(5) Dalal Praful J.
Flat No. 514, E-3, Highway, D Wing, Thakur Complex,
Kandiwali, Mumbai.

(6) 334/01 Shah Ashok.
A-3, Deshna Appt., Nr. L. D. Engineering Hostel,
Ellisbridge, Ahmedabad - 380006.

(7) Shah Ramesh S.
8, Anil Kunj, Plot No. 297, Ghatkopar, Mumbai - 400070

(8) Tolat Shirish Kantilal
7, Nirmal, Plot No. 147, II Phase, Opp. Mehsana Steel,
G.I.D.C., VAPI - 396195

(9) Shah Induben Rajnikant (Atul)

6th Floor, Block No. 63, Atlas Appt., Harness Road,
Mumbai - 400007

(10) Shah Girishchandra Dahyabhai
'Kajal', Vijay Park, Opp. Navrangpura Municipal Market,
Ahmedabad - 380009.

(11) Dalal Jay Prakash Sumantlal
72, kalyan Building, Khadilkar Road, Mumbai - 400004

(12) Shah Laxmichand Velji
New Janta Transport Co.,
408, Katha Bazar, Mumbai - 400009.

## તા. ૧-૧-૨૧ થી ૩૧-૧-૨૧ સુધી મળેલ રકમની યાદી

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩૩૧ | ૬૫૦ | ડો. શૈલીન પરીખ | અમદાવાદ | દિ. જા.ખ. |
| ૧૩૩૨ | ૩૦૦૦ | શ્રી શરદભાઈ શાહ | મહેસાણા | દિ. જા.ખ. |
| ૧૩૩૩ | ૬૫૦ | અમદાવાદ દશા વાયડા વ. જ્ઞાતિ | અમદાવાદ | દિ. જા.ખ. |
| ૧૩૩૪ | ૧૨૦૦ | અમદાવાદ દશા વાયડા વ. જ્ઞાતિ | અમદાવાદ | જા.ખ. |
| ૧૩૩૫ | ૮૦૦ | શ્રી નરેશભાઈ શાહ | અમદાવાદ | દિ. જા.ખ. |
| ૧૩૩૬ | ૧૫૦૦ | યોગેશ્વર ડાયમંડ | સીંગાપુર | દિ. જા.ખ. |
| ૧૩૩૭ | ૨૦૦ | શ્રી મધુસુદનભાઈ શાહ | અમદાવાદ | દિ. જા.ખ. |
| ૧૩૩૮ | ૨૦૦ | શ્રી મધુસુદનભાઈ શાહ | અમદાવાદ | દિ. જા.ખ. |
| ૧૩૩૯ | ૫૦૧ | શ્રી રીકેશ વિનોદભાઈ પરીખ | મુંબઈ | ભેટ |
| ૧૩૪૦ | ૮૦૦ | ડો. રોહિતભાઈ જયંતિલાલ શાહ | પાટણ | પેનલ જા.ખ. |
| ૧૩૪૧ | ૮૦૦ | શ્રી ચંદ્રકાંત વિશનજી એડનવાલા | લંડન | પેનલ જા.ખ. |
| ૧૩૪૨ | ૬૫૦ | શ્રી ચંદ્રકાંત વિશનજી એડનવાલા | લંડન | દિ. જા.ખ. |
| ૧૩૪૩ | ૬૫૦ | પ્રણવ ઈલેક્ટ્રીકલ્સ | વડોદરા | દિ. જા.ખ. |

– **વ્યવસ્થાપક**

## શ્રધ્ધાંજલિ



**સ્વ. શ્રી દિનેશભાઈ બાલુભાઈ પરીખ**

**જન્મ તા: ૧-૮-૧૯૩૭**

**શ્રીજીચરણ: ૨૬-૧૧-૨૦૨૦**



**સ્વ. શ્રી ચંદ્રેશભાઈ વિજુભાઈ પરીખ**

**જન્મ તા: ૮-૧૧-૧૯૪૬**

**શ્રીજીચરણ: ૧૫-૧૧-૨૦૨૦**

મિત્રનો એક ફોન પણ જો ન આવે તો મન વિહવળ થઈ જતું હોય, પણ આ...તો.. ?

એક અઠવાડિયા જેટલા ટૂંકા ગાળામાં એક નહીં પણ બે-બે મિત્રને ગુમાવવાનો સમય આવે ત્યારે ખબર પડે કે સૂનકાર કોને કહેવાય અને શૂન્યાવકાશ કેટલો ભયંકર હોય.

વર્ષોથી કિલ્લોલ કરતાં મિત્રમંડળનાં બે મિત્રોને અમે ખૂબ જ ટૂંકા ગાળામાં ગૂમાવ્યાં. હૃદય જાણે ધબકારો ચૂકી ગયું. દિનેશભાઈ તો...પણ ચંદ્રેશભાઈ તો સ્વસ્થ-મસ્ત અને પરિવાર સાથે આનંદમાં હતાં પણ તેઓ આમ અચાનક જ જતાં રહયાં અને અમે દુ:ખી-ખિન્ન થઈ ગયાં. પણ, આ તો ઈશ્વરનો છેલ્લો નિર્ણય છે - અફર છે - જેને આપણે સ્વીકારવો જ રહયો.

પણ, અમારી મિત્રતા હંમેશ માટે જીવંત છે અને રહેશે જ. સ્વ. શ્રી દિનેશભાઈ અને સ્વ. શ્રી ચંદ્રેશભાઈ હંમેશા અમારા હૃદયમાં રહેશે. એમની યાદો, વાતો, તેમની સાથે ગુજારેલા દિવસો બધુ જ અમારા જીવનમાં ચિર: સ્મરણીય છે. આજે અમે સૌ મિત્રોની હૃદયથી એમના આત્માની શાંતિ માટે અને પરિવાર પર આવી પડેલી મુશ્કેલીમાં ઈશ્વર તેમને હિંમત અને શક્તિ આપે તે જ પ્રાર્થના. બાકી હૃદયતો વારંવાર પૂછે જ છે -

ચિઠ્ઠી ન કોઈ સંદેશ, જાને વો કૌન સા દેશ,
જહાં તુમ ચલે ગયે ? કહાં તુમ ચલે ગયે ?

હરીશ - સ્વ. રક્ષા
સ્વ. નયન - શોભના
પ્રવિણ - સ્વ. નીતા

ઉમાકાંત - માયા
ચંદ્રીલ - પલ્લવી
સ્વ. ચંદ્રક - મિનાક્ષી



## Best Wishes From

# Shri Jethalal Acharatlal Parikh & Smt. Vidhyagauri Jethalal Parikh Family

### RJP Infrastructure Pvt. Ltd.
**Civil Engineers & Contractors - Since 1970**
**An ISO 9001 : 2008 Company**
4th Floor, **RJP House**, Anandnagar Cross Road,
Satellite, Ahmedabad-380015.
079-26931248, 49, 52

### J.J. Parikh & Brothers
**Pharmaceutical Distributors**
**Since 1947**
Mahakant Building, Opp. V.S. Hospital,
Ellisbridge, Ahmedabad-380006.
079-26576493, 26575693

### J. Bipinchandra & Co.
**Pharmaceutical Distributors**
**Since 1990**
Nagarshethno Vando
& Biscuit Gali, Nr. Pankor Naka,
Ahmedabad-380001.

### J. J. Parikh Pharma Pvt. Ltd.
**Pharmaceutical Distributors**
**Since 1996**
**C & F Agent for Pharmaceutical Companies**
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad.

### Late Shri Jashubhai J. Parikh - Adv.
### Mrugesh J. Parikh – Advocate
**Panel Advocate of more than15 insurance companies**
3rd Floor, Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.
079-26577317

### JARUN Pharmaceuticals Pvt. Ltd.
**Pharmaceutical Company**
**Since 2007**
3rd Floor Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.

Ramendra – Gita Parikh
Keval – Kinnari
Chinmayee, Sharman
Vrajesh – Shefali Shelat
Om, Arjun

Jashubhai – Kokilaben Parikh
Harshul – Alpa , Mrugesh - Ratna
Bhrita, Darsh, Parita, Darshil
Bakul – Nita Dalal
Meera – David Burns
Chinmay

Umakant – Maya Parikh
Ina
Hiren – Shruti
Harshank, Mishika
Bhavesh – Shital Choksi
Shivam, Ritika

Regi. under RNI No. 6316/57. Permitted to post at Ahmedabad PSO On 10th of every month under postal regd. No. MEH Dn.-296/2019-2021 Issued By SSP, Mehsana, Valid upto 31-12-2021 પ્રકાશન ૧૦/૨/૨૦૨૧



Paint By
Bhavik Shah
Mumbai

# ઈન્દુભાઈ ડાહ્યાભાઈ શાહ પરિવાર

## તથા સર્વે કુટુંબીજનોના જય શ્રી કૃષ્ણ

મધુબન, અપંગ માનવ મંડળ પાસે, ડો. વિક્રમ સારાભાઈ રોડ,
અટીરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૫

# PRINTED BOOK

If undelivered please return to: **SHRENIK PARIKH,** B-7, Shree Siddhi Duplex, nr. Apollo Hospital City Centre, Ambawadi, Ahmedabad - 380006
E-mail : vayvaset@gmail.com

Printed and Published by SHRENIK NAVINCHANDRA PARIKH on behalf of AKHIL BHARTIYA VAYADA PARISHAD ASSOCIATION and printed at Shree Vallabh Printery, 2/B, Ellisbridge Shopping Centre, Behind Ellisbridge Police Station, Opp. Town Hall, Ahmedabad - 380 006 and published from B/7, Shree Siddhi Duplex, Near Apollo Hospital City Centre, Core House, Near Police Quarter, Parimal Garden, Ahmedabad - 380 006. Editor - SHRENIK NAVINCHANDRA PARIKH